# કલાપૂર્ણ સ્વાધ્યાય
# ૨૫
# સિન્દૂર પ્રકર (સાર્થ)

## દિવ્યાશિષ દાતા
પ. પૂ. અધ્યાત્મયોગી આચાર્ય
શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

## શુભાશિષ દાતા
પ. પૂ. મધુરભાષી આચાર્ય
શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

## : સંશોધક :
પ. પૂ. પંન્યાસશ્રી પૂર્ણચન્દ્ર વિજયજી મ.સા.

## : સંપાદક :
પ. પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

# ૨૫

# સિન્દૂર પ્રકર (સાર્થ)

પ્રેરક
મુનિ અમિતયશ વિ.

સિરસા વંદે મહાવીરમ્

અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામિને નમઃ

શ્રી પદ્મ જીત હીર કનક દેવેન્દ્ર કંચન કલાપૂર્ણસૂરિ

સદ્ગુરુભ્યો નમઃ

# સિન્દૂર પ્રકર (સાર્થ)

## દિવ્યાશિષ દાતા

પ.પૂ. અધ્યાત્મયોગી

આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.

## શુભાશિષ દાતા

પ.પૂ. શાસન પ્રભાવક

આ.ભ. શ્રી કલાપ્રભ સૂ.મ.સા.

## પ્રેરક

મુનિ અમિતયશ વિ.

# પુસ્તક : સિન્દૂર પ્રકર સાર્થ

## કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૨૫

સહાયક મુનિ આગમયશ વિ.

૨૦૬૩ ફા. સુદ-૧૩ અમદાવાદ

કિંમત રૂ. ૧૦/-


પ્રકાશક

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ-ચેન્નઈ

પ્રાપ્તિસ્થાન

જીતુભાઈ તલકસીભાઈ મહેતા

એ ૧૦/૭ ગોદાવરી ફ્લેટ, પહેલે માળે વિભાગ-૧

ભીડભંજન પાર્શ્વનાથ જૈન દેરાસર પાસે,

વાસણા, અમદાવાદ.

મો. ૯૮૨૪૪૭૨૯૦૧

# પ્રસ્તાવના

સિન્દૂર પ્રકર ગ્રન્થ જૈન સંઘમાં સુપ્રસિદ્ધ છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુઓ તેને કંઠસ્થ કરીને પોતાના ચિંતનાત્મક અને ભાવનાત્મક જ્ઞાનની અભિવૃદ્ધિ કરે છે.

તપાગચ્છાચાર્ય આચાર્ય શ્રી સોમપ્રભસૂરિ મ. સા. એ રચેલા આ સિન્દૂર પ્રકરણમાં ભિન્ન ભિન્ન અનેક વિષયો ઉપર રોચક શૈલિથી વર્ણન કરેલ છે. જીવનના સઘળા વ્યવહારમાં સર્વત્ર ઉપયોગ થતાં માનવ-જીવનની મહત્તા, જિનભક્તિ, ગુરુભક્તિ જિનમત મહિમા, હિંસા આદિ દૂષણોની ભયાનકતા, ક્રોધાદિ શત્રુવિજય, સૌજન્ય, ગુણીપુરૂષોનો સત્સંગ, ઈન્દ્રિયદમન, દાન, તપ, ભાવના વૈરાગ્ય આદિ વિભિન્ન વિષયો ઉપર સંસ્કૃત ભાષાના વિવિધ છન્દબદ્ધ, પદ્યમય, સૌંદર્ય અને લાલિત્યમય

શ્લોકોમાં આબેહૂબ વર્ણન કરેલ છે, જે સાહિત્ય અને જ્ઞાન પ્રેમીઓ માટે અદ્દભૂત છે. સાધુ, સાધ્વીજી ભગવંતોને ઉપદેશ આપવા માટે, વ્યાખ્યાનાદિ અનેક સ્થળે પણ આ શ્લોકો અત્યંત ઉપયોગી બની શકે તેમ છે.

આ સિન્દૂર પ્રકર દ્વારા સર્વ આત્માઓ સ્વપરનું કલ્યાણ સાધે એ હાર્દિક અભિલાષા છે.

પ્રસ્તુત પુસ્તકમાં ગુજરાતી અનુવાદ મુનિ શ્રી રવિરત્ન વિજયજી દ્વારા સંપાદિત સિન્દૂર પ્રકર પુસ્તકમાંથી લેવામાં આવેલ છે. તેમના સ્વાધ્ય ય પ્રેમની હાર્દિક અનુમોદના .

- પૂર્ણચન્દ્ર વિજય મ.સા.
નવાવાડજ
થિરપુરનગર સો.
અમદાવાદ
વિ.સં. ૨૦૬૩ ફા.સુ.૯

# ગુરુમૈયા પ.પૂ. હેમન્તશ્રીજી મ. ની જીવન ઝરમર

ભારતની ભવ્યતારૂપ, ગુજરાતના ગૌરવરૂપ રાજનગરના પડખે સાંતેજ નામના ગામમાં સં. ૧૯૭૨ ભા.વદ-૭ના શુભ દિવસે શ્રેષ્ઠીવર્ય બુલાખીદાસના ધર્મપત્ની મણીબેનની રત્નકુક્ષીથી પુત્રીરત્નનો જન્મ થયો. જન્મ સમયથી જ મુખની તેજસ્વિતા, સાત્વીકતા, ગંભીરતા ગજબ. જાણે પૂર્વજન્મની અધુરી આરાધનાની પૂર્ણતા માટે જ આ મહાવિદેહના મુસાફિરે અત્રે જન્મ લઈ અમારા અનેક આત્માઓની જીવનનૈયાની સુકાન સંભાળી. પુત્રના લક્ષણ પારણામાં એ જ રીતે બાલકીનું નામ હીરા રાખ્યું તે નામથી હીરા, કામથી હીરા જેવા જ ચમકતા.

બાલ્યકાળમાં બીજના ચંદ્રવત્ વૃદ્ધિ પામતા હીરાબેનનો જ્ઞાનનો રસ ગજબના ૨-૩ ધોરણ સુધીનો અભ્યાસ ખૂબ રસપૂર્વક કરી સતત તેમાં જ ગળાડુબ, નાનપણથી જ વાત-ચીત કે અન્ય કોઈપણ પાપપ્રવૃત્તિથી પરાઙ્મુખ હતા. માતા-પિતાએ પોતાના મોહની પુષ્ટિ માટે શ્રીમંત કુટુંબના જેસીંગભાઈ સાથે સગપણ કરેલ, પરન્તુ ભાવિના ભુગર્ભમાં શું છે ? તેની ક્યાં કોઈને ખબર છે.

લગ્ન બાદ તુરત જ વિધવા થયેલ મોટાબેન મેનાબેનના વૈરાગ્યની પુષ્ટિમાં સહભાગી બનતાં પોતે પણ ૧૧ વર્ષની કુમળી વયમાં વૈરાગી બની પૂર્વભવના પડેલા વૈરાગ્યના બીજને પોષણ આપ્યું પછી તો પોતાના કાકી મ. ઉત્તમશ્રીજીમ પાસે રહીને સંયમના સંસ્કારોથી સુવાસિત બન્યા. હવે તો સંસાર કારાવાસ બની ગયો. શીઘ્ર સંસારની મુક્તિ માટે માતા-પિતા પાસે આગ્રહ પણ માતા-પિતાનો મોહ એમ કેમ

રજા આપે ? બાલ્યવયથી જ સત્ત્વશીલા હીરાબેન પાસે પિતાને નમતું મૂકવું પડ્યું. અને સહર્ષ અનુમૂતિપૂર્વક ૧૯૮૯ મા.સુ.-૬ ના શુભમુહુર્તને કલિકાલમાં બ્રહ્મચર્યનિષ્ઠ - કચ્છ વાગડ દેશોદ્ધારક પ.પૂ. આ. દે શ્રીમદ્ વિજય કનકસૂરિશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે પ્રવજ્યા થઇ. સ્થુલીભદ્રસદૃશ ગુરૂદેવના અજોડ ચારિત્ર પ્રભાવે જે સ્થાનમાં ચારિત્રનો સ્વીકાર થયો તે ખેતરનું આમ્રવૃક્ષ અફલિત હતું તે ફલવા લાગ્યું. ખૂબ જ કેરીઓ આવવા માંડી.

સંસારનું અંતિમસ્નાન જે કુવાના પાણીમાંથી થયેલ તે કુવાનું પાણી ખારું હતું. તે મીઠું બની ગયું. આમ સંયમ સ્વીકારની પ્રથમ ક્ષણથી જ કોઇ એમના વૈરાગ્યનો-સાધનાનો અજોડ પ્રભાવ ષટ્કાયના જીવોને આપેલ અભયદાનથી એ જીવો પણ હર્ષિત થઇ ગયા.

દિક્ષાબાદ હીરાબેનનું નામ સા. હેમન્તશ્રીજી, મેનાબેનનું નામ સા. મૃગાંકશ્રીજી અને ગુરૂદેવ ઉત્તમશ્રીજી બન્યા. દીક્ષાના પ્રથમ દિવસથી જ 'સમય ગોયમ મા પમાયએ...ભગવાનના આ સૂત્રને જીવનમાં વણી દીધું. કોઈપણ પ્રવૃત્તિમાં આત્મજાગૃતિ અને જયણાપૂર્વક જ કરે. અષ્ટપ્રવચનમાતા હૃદયમાં એવી તો આત્મસાત્ કરેલ કે મુહપતિનો ઉપયોગ પ્રાયઃ ચુક્યા નથી - ખૂબ જ અલ્પભાષી - રાતના તો ઠીક પણ દિવસે પણ અંધકારના સ્થાનમાં દંડાસન વગર જવાનું ક્યારેય બન્યું નથી. કોઈ પણ વસ્તુની લે-મુકમાં જયણા અરે ! રાત્રીના ઉંઘમાં પણ સંથારામાં પડખું ફેરવતી વખતે રજોહરણથી પ્રમાર્જન ચુક્યા નથી અને આખા જીવનમાં પડેલા આ સંસ્કારોએ અંતિમ સમયની અસહ્ય વ્યાધિનાં પણ એ જ જાગૃતિ. અણગાર બની ગુરુના એવા

અંતેવાસી બન્યા કે જેથી એમના આંખ અને અંતરમાં વસેલ. ગુરૂ ભ.ના વચનોને તો મંત્રાક્ષર તુલ્ય જ માનતા. સ્વીકારતા જ્ઞાન-ધ્યાન-જાપ સાથે તપ, તેમજ ૧૬ ઉપ જેવો દીર્ઘ તપ પણ જીવનમાં અણહારી પદના આસ્વાદ માટે કરેલ. તેમજ મીષ્ટાન્ન - ફરસાણ - તળેલું, મેવો-ફ્રુટ આ બધું દીક્ષા બાદ આજીવન ત્યાગ કરેલ. પગના બોલના ઓપ, વખતે પૂજ્યશ્રીની અનુજ્ઞાથી પરાણે આગ્રહપૂર્વક એક જ વાર વપરાવતાં આંખમાંથી અશ્રુધારા અને અંતરવ્યથા જોતાં જ સામેથી આશ્રિતોને ના પાડવી પડી. દીક્ષા દેવી સરળ છે પણ દીધા પછી પાછળની જવાબદારી જાગૃતપણે અદા કરી યોગક્ષેમપૂર્વક તેને કેમ સંયમમાં આગળ વધારવા તેની સતત ચિંતા જીવમાત્ર પ્રત્યે કરૂણાભાવ - નિસ્પૃહતા, વડીલો પ્રત્યે પૂજ્યભાવ, નાનાઓ પ્રત્યે વાત્સલ્યભાવ આ ત્રિવેણીસંગમથી જીવન દીપતું હતું. પ્રતિકુળતામાં પ્રસન્નતાની ઝલક તેમના જીવનમાંથી ક્યારેય ખસી નથી. સમતા, સરળતા, સ્થિરતા, ગંભીરતા, આશ્રિતોના ઢગલાબંધ અવગુણોને ભૂગર્ભમાં સમાવી દેવાની તેમની તાકાત હતી. તેમની એક આંખમાં પ્રીતિ અને એક આંખમાં ભીતિ હતી.

છેલ્લે કેન્સરની અસહ્ય બીમારીમાં પણ તેમની સ્વાધ્યાય-ત્યાગ-અપ્રમતતા અદ્‌ભુત. અસુઝતું ન લેવું પડે તેના ખૂબ જ આગ્રહી. તેમણે સમાધિમાં મસ્ત બની જીવનમાં ક્યારેય કાયાની માયા-કીર્તિની કામના કરી નથી.જીવનના છેલ્લા શ્વાસ સુધી નવકારમંત્રની ધૂન - જીવનમાં રોજના માટે પાડેલા નવકારના સંસ્કાર રોજ ૫૦ માળા બાંધી તથા ૮ કરોડ અરિહંત પદનો જાપ આના કારણે જીભે નવકાર અને અરિહંતનો જ ઉચ્ચાર રણકતો હતો.

અંતે સ. ૨૦૫૬ ફા.સુ.૧૧ના સવારના આઠ વાગ્યાથી પુદ્ગલનો સંચા જાણે તુટતો હોય તેમ ધીમે ધીમે લગભગ ૧૦-૧૦ મિનિટે એમનો આત્મરૂપી હંસ દેહરૂપી પિંજરને છોડીને સહુને રડતા મુકીને પરલોકના પંથે પ્રયાણ કરી ગયો ત્યારે પણ લગભગ આખા સંઘની હાજરી મોટેથી નવકારની ધુન.

અત્યારે તેમના દર્શન દુર્લભ બની ગયા પણ તેમની ગુણગંગામાં અનેક ભવ્યાત્માઓ પાન કરી રહ્યા છે અને ભાવિમાં પણ કરશે.

બસ અમારા નિર્યામક - શિરછત્ર - તારણહાર આમ એકાએક ચાલ્યા જતાં અમે નાથ વિહોણા બન્યા છીએ. પણ ગુરૂદેવ ! આપ જ્યાં હો ત્યાંથી અમને અંતરના એક જ આશિષ વરસાવજો કે આપના આદર્શો એ જ અમારા જીવનની મૂડી બની રહે.

તેમનો સંયમભૂત...સાધનાપૂત આત્મા જ્યાં હોય ત્યાં પરમશાંતિને પામે એ જ.

એજ

પૂ.સા. હેમંતશ્રીજી મ.સા. ની રજરેણુ સા. હિમાંશુ શ્રીજી મ.આદિ ઠાણા ૩૨ ની કોટીશઃ વંદના

## વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

આ પુસ્તક મિતભાષી

સા. શ્રી હીમાંશુશ્રીજી મ. સા.

સા. શ્રી હેમકલાશ્રીજી મ. સા.

સા. શ્રી હિમજ્યોતિશ્રીજી મ. સા. ની

તથા હિતદર્શિતાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી

જ્ઞાનખાતાની રકમમાંથી છપાવેલ છે.

સદ્‌ગૃહસ્થે ૧૦/- રૂ. જ્ઞાન ખાતાની

પેટીમાં રાખીને ઉપયોગ કરવો.

# સિન્દૂરપ્રકર

## મંગલ અને આશીર્વાદ

(शार्दूलविक्रीडितवृत्त)

सिन्दूरप्रकरस्तपः करिशिरः क्रोडे कषायाटवी-
दावार्चिर्निचयः प्रबोधदिवसप्रारम्भसूर्योदयः ।
मुक्तिस्त्रीवदनैककुङ्कुमरसः श्रेयस्तरोः पल्लव-
प्रोल्लासः क्रमयोर्नखद्युतिभरः पार्श्वप्रभोः पातु वः ॥१॥

**શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ચરણોના નખોનો કાંતિસમૂહ કે જે તપરૂપ હાથીના માથાના મધ્યભાગ-કુંભસ્થળમાં સિન્દૂરના લેપ સરખો છે, જ્ઞાનરૂપ દિવસની શરૂઆત માટે સૂર્યોદય સરખો છે, કષાય રૂપ વનને બાળવામાં દાવાનળ રૂપ છે. તેમજ મુક્તિરૂપ સ્ત્રીના મુખપર કુંકુમના લેપ સમાન છે અને કલ્યાણરૂપ વૃક્ષનાં નવાં અંકુરોનો વિકાસ સરખો છે-તે તમારૂં રક્ષણ કરો. ॥૧॥**

---

**સજ્જનો પ્રતિ ગ્રંથકર્તાનું નિવેદન**

**★ ઘણાં ખરા શ્લોક શાર્દુલવિક્રીડિત છંદમાં છે, જ્યાં છંદ બદલાય છે ત્યાં તે વિશેષ નામ હશે.**

सन्तः सन्तु मम प्रसन्नमनसो वाचां विचारोद्यताः
सुतेऽम्भः कमलानि तत्परिमलं वाता वितन्वन्ति यद् ।
किंवाऽभ्यर्थनयाऽनया यदिगुणोऽस्त्यासां ततस्ते स्वयं
कर्त्तारः प्रथनं न चेदथ यशः प्रत्यर्थिना तेन किम् ॥२॥

**વાણીનો વિવેક જાળવનાર હે સજ્જનો, તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. અથવા તો આ પ્રાર્થનાની જ શી જરૂર છે ? જેમ પાણી વડે કમળો ઉછરે છે ખરાં; પણ તેની સુગંધ તો વાયુ જ વિસ્તારે છે, તેમ હું આ ગ્રંથ રચું છું તો ખરો; તેથી જો મારી આ રચનામાં ગુણ હશે તો તેઓ (સજ્જનો) પોતે જ તેનો વિસ્તાર કરનારા થશે. નહિતર, યશના શત્રુભૂત વિસ્તારથી શું ? કંઈ જ નહિ.**

## ત્રણ વર્ગમાં ધર્મનું પ્રાધાન્ય

(उपजातिवृत्त)

त्रिवर्गसंसाधनमन्तरेण पशोरिवायुर्विफलं नरस्य ।
तत्रापि धर्मं प्रवरं वदन्ति न तं विना यद् भवतोऽर्थकामौ ॥३॥

**ત્રિવર્ગ-ધર્મ, અર્થ અને કામ, તેની સાધના કર્યા વગર મનુષ્યનું આયુષ્ય પશુની પેઠે ફોગટ જ ગણાય છે. આ ત્રણે વર્ગમાં ધર્મ સર્વશ્રેષ્ઠ છે, કેમ કે તે વિના અર્થ અને કામ સાધી શકાતા નથી.**

# માનવજીવનની દુર્લભતા

(इन्द्रवज्रावृत्त)

यः प्राप्य दुष्प्राप्यमिदं नरत्वं धर्मं न यत्नेन करोति मूढः ।
क्लेशप्रबन्धेन स लब्धमब्धौ चिन्तामणिं पातयति प्रमादात् ॥४॥

**જે મૂર્ખ મનુષ્ય મુશ્કેલીથી મેળવી શકાય એવું માનવજીવન મેળવીને યત્નપૂર્વક ધર્મ આચરતો નથી, તે મહાકષ્ટ વડે મેળવેલ ચિંતામણિરત્નને પ્રમાદને લીધે સમુદ્રમાં ફેંકી દીધા જેવું કરે છે !!!**

# માનવજીવન નિરર્થક ગુમાવનારનાં કૃત્યો

(मन्दाक्रान्तावृत्त)

स्वर्णस्थाले क्षिपति स रजः पादशौचं विधत्ते
पीयूषेण प्रवरकरिणं वाहयत्यैन्धभारम् ।
चिन्तारत्नं विकिरति कराद्वायसोड्डायनार्थम्
यो दुष्प्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥५॥

**જે પ્રમાદી મનુષ્ય, મુશ્કેલીથી મેળવી શકાય એવાં માનવજીવનને ફોગટ ગુમાવે છે, તે સોનાના થાળમાં ધુળ નાંખે છે, અમૃતવડે પગ ધૂએ છે, ઉત્તમ હાથી પાસે લાકડાનો ભાર ઉચકાવે છે અને કાગડાને ઉડાડવાને માટે હાથમાંથી ચિંતામણિ રત્ન ફેંકે છે !!!**

ते धत्तूरतरुं वपन्ति भवने प्रोन्मूल्य कल्पद्रुमं
चिन्तारत्नमपास्य काचशकलं स्वीकुर्वते ते जडाः ।
विक्रीय द्विरदं गिरीन्द्रसदृशं क्रीणन्ति ते रासभं
ये लब्धं परिहृत्य धर्ममधमा धावन्ति भोगाशया ॥६॥

**જે પામર જનો, મળેલા ધર્મને ત્યજીને ભોગોની આશાએ ભટકતા ફરે છે, તેઓ પોતાનાં ઘરમાંના કલ્પવૃક્ષને ઉખેડીને ધતુરાનું ઝાડ રોપે છે, ચિંતામણિ રત્નના બદલામાં કાચનો ટુકડો લે છે અને મેરૂપર્વત જેવા ઉંચા (શરીરવાળા) હાથીના બદલામાં ગધેડાને લે છે !!!**

(शिखरिणीवृत्त)

अपारे संसारे कथमपि समासाद्य नृभवं
न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णातरलितः ।
ब्रुडन् पारावारे प्रवरमपहाय प्रवहणं
स मुख्यो मूर्खाणामुपलमुपलब्धुं प्रयतते ॥७॥

**પારવગરના સંસારમાં મહાકષ્ટે માનવજીવન પામ્યો છતાં જે માનવ વિષયસુખની તૃષ્ણાથી વ્યાકુળ થઈને ધર્મ આચરતો નથી તે મૂર્ખશિરોમણિ સમુદ્રમાં ડૂબતો છતાં ઉત્તમ વહાણ તજીને (તરવા માટે) પત્થરને વળગવા મથે છે !!!**

## આ ગ્રંથમાં આવતાં એકવીસ પ્રકરણોનાં નામ

भक्ति तीर्थकरे गुरौ जिनमते सङ्घे च हिंसानृत-
स्तेयाब्रह्मपरिग्रहाद्युपरमं क्रोधाद्यरीणां जयम् ।
सौजन्यं गुणिसङ्गमिन्द्रियदमं दानं तपोभावनां ।
वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यस्ति गन्तुं मनः ॥८॥

**હે મનુષ્ય, જો મોક્ષપદ મેળવવાનું તારૂં મન હોય તો, તીર્થંકરપર, ગુરૂપર, જિનમતપર અને સંઘપર ભક્તિભાવ ધારણ કર. હિંસા, અસત્ય, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહ વગેરેથી વેગળો ખસ, ક્રોધ વગેરે અંતરંગ શત્રુઓને જીતવા યત્ન કર, સહૃદય ભાવ રાખ, ગુણવંતનો સંગ કર, ઇંદ્રિઓને વશ રાખ, દાન, તપ, ભાવ, અને વૈરાગ્યને પણ ધારણ કર.**

## જિનપૂજન પ્રકરણ

पापं लुम्पति दुर्गतिं दलयति व्यापादयत्यापदं
पुण्यं संचिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम् ।
सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः
स्वर्गं यच्छति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ॥९॥

**જિન ભગવાનની પૂજા પાપને લોપે છે, દુર્ગતિને નિવારે છે, આપત્તિનો નાશ કરે છે. પુણ્યને એકઠું કરે છે. લક્ષ્મીને વિસ્તારે છે, આરોગ્યને પોષે છે, સૌભાગ્યને કરે છે, પ્રીતિને પલ્લવિત કરે છે, કીર્તિને ફેલાવે છે અરે ! સ્વર્ગ અને મોક્ષ પણ આપે છે.**

स्वर्गस्तस्य गृहाङ्गणं सहचरी साम्राज्यलक्ष्मीः शुभा
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ।
संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यञ्जसा
यः श्रद्धाभरभाजनं जिनपतेः पूजां विधत्ते जनः ॥१०॥

જે અનન્ય શ્રદ્ધાવાન માણસ, જિનભગવાનની પૂજા કરે છે, તેને સ્વર્ગ ઘરનાં આંગણાં સમાન થાય છે, સામ્રાજ્યરૂપ લક્ષ્મી તેની સાથે રહેનારી થાય છે, તેનાં શરીરરૂપ ઘરમાં સૌભાગ્ય વગેરે ગુણો પોતાની મેળે આવીને વાસ કરે છે, તેને સંસાર સુખો તરવા યોગ્ય બને છે અરે ! મોક્ષ પણ અનાયાસે હસ્તગોચર થાય છે.

## જિનપૂજન પ્રકરણ

(शिखरिणीवृत्त)

कदाचिन्नातङ्कः कुपित इव पश्यत्यभिमुखं
विदूरे दारिद्र्यं चकितमिव नश्यत्यनुदिनम् ।
विरक्ता कान्तेव त्यजति कुगतिः सङ्गमुदयो-
न मुञ्चत्यभ्यर्णं सुहृदिव जिनार्चां रचयतः ॥११॥

જેમ કોઈ, કોઈની ઉપર ગુસ્સે થયેલ હોઈને સામે ન જુએ તેમ, જિનભગવાનની પૂજા કરનાર મનુષ્યને વ્યાધિ કદી સામે જોતો જ નથી. હરહમેશ ભયભીત બની ગઈ હોય

તેમ દરિદ્રતા તો તેનાથી દૂર જ નાસે છે. વૈરાગ્યવાસનાવાસિત સ્ત્રીની જેમ કુગતિ તેને તજી દે છે. મિત્ર જેમ સુખ-દુઃખમાં તજતો નથી તેમ ઉન્નતિ તેનો સંગ છોડતી નથી.

यः पुष्पैर्जिनमर्चति स्मितसुरस्त्रीलोचनैः सोऽर्च्यते
यस्तं वन्दत एकशस्त्रिजगता सोऽहर्निशं वन्द्यते ।
यस्तं स्तौति परत्र वृत्रदमनस्तोमेन स स्तूयते
यस्तं ध्यायति क्लृप्तकर्मनिधनः स ध्यायते योगिभिः ॥१२॥

જે માણસ પુષ્પો વડે જિનભગવાનને પૂજે, તે હસમુખી દેવાંગનાઓનાં નેત્રો વડે પૂજાય છે. જે માણસ એક વાર તેમને વંદન કરે છે. તે ત્રણ જગત વડે વંદાય છે. જે માણસ એમને (જિનેશ્વર પ્રભુને) સ્તવે છે, તે સ્વર્ગમાં ઇંદ્રોના સમૂહ વડે સ્તવાય છે અને જે મનુષ્ય તેમનું ધ્યાન ધરે છે, તે કર્મરહિત બની યોગીજનો વડે ધ્યાનને ગોચર થાય છે.

## ગુરૂમહત્ત્વ પ્રકરણ

(वंशस्थवृत्त)

अवद्यमुक्ते पथि.यः प्रर्त्तते प्रवर्तयत्यन्यजनं च निस्पृहः ।
स एव सेव्यःस्वहितैषिणागुरुः स्वयं तरंस्तारयितुं क्षमः परम् ।१३।

પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે તે જ ગુરૂ સેવવા યોગ્ય છે કે, જે પોતે નિસ્પૃહ હોય તેમ જ સત્યમાર્ગે ચાલીને બીજાને પણ ચલાવતા હોય છે, તે ગુરૂ પોતે તરે છે અને બીજાને તારવા સમર્થ થાય છે.

(मालिनीवृत)

विदलयति कुबोधं बोधयत्यागमार्थम्
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।
अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो
भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चिद् ॥१४॥

**સંસાર સાગરમાં વહાણ સમાન તે ગુરૂ વિના બીજા કોઈ પણ નથી કે, જે ગુરૂ કુબોધનો નાશ કરતા હોય, આગમનું રહસ્ય સમજાવતા હોય, સદ્ગતિ અને દુર્ગતિના માર્ગરૂપ પુણ્ય અને પાપના ભેદ ખુલ્લા પાડતા હોય તેમજ કૃત્ય અને અકૃત્યનો તફાવત કરી જાણતા હોય.**

शिखरिणीवृत्त.

पिता माता भ्राता प्रियसहचरी सूनुनिवहः
सुहृत्स्वामी माद्यत्करिभटरथाश्वः परिकरः ।
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलं
गुरोर्धर्माधर्मप्रकटनपरात्कोऽपि न परः ॥१५॥

**નરકરૂપ ખાડામાં ડૂબતા પ્રાણીને ધર્મ અને અધર્મનું રહસ્ય સમજાવનાર ગુરૂ વગર બીજા કોઈપણ માતા, પિતા, ભાઈ, વ્હાલી સ્ત્રી, પુત્રાદિક, મિત્ર અને મદોન્મત્ત હાથી, સુભટ, રથ અને ઘોડારૂપ પરિવાર જેને છે તેવો સ્વામી, તેમજ અન્ય જનમાંથી કોઈ પણ રક્ષણ કરવા સમર્થ નથી.**

किं ध्यायेन भवत्वशेषविषयत्यागैस्तपोभिः कृतं
पूर्णं भावनयालमिन्द्रियदमैः पर्याप्तमाप्तागमैः ।
किन्त्वेकं भवनाशनं कुरु गुरुप्रीत्या गुरोः शासनं
सर्वे येन विना विनाथबलवत्स्वार्थाय नालं गुणाः ॥१६॥

**હે મનુષ્ય, તું ભવનો અંત આણનારી અને અનન્ય એવી ગુરૂની આજ્ઞાનું અત્યંત પ્રીતિપૂર્વક પાલન કર. કે જે વિના ધ્યાન, સઘળા વિષયોનો ત્યાગ, તપસ્યા, ભાવના, ઇંદ્રિયદમન, સિદ્ધાંતપાઠ વગેરે બધાં કાર્યો, સેનાપતિ વગરનાં સૈન્યની જેમ પોતપોતાનો આશય પાર પાડવા માટે સમર્થ નથી.**

## જિનમત પ્રકરણ

(शिखरिणीवृत्त)

न देवं नादेवं न शुभगुरुमेवं न कुगुरुं
न धर्मं नाधर्मं न गुणपरिणद्धं न विगुणम् ।
न कृत्यं नाकृत्यं न हितमहितं नापि निपुणं
विलोकन्ते लोका जिनवचनचक्षुर्विरहिताः ॥१७॥

**જિન વચનરૂપ નેત્રો વગરના લોકો દેવને અને અદેવને, સુગુરૂને અને કુગુરૂને, ધર્મને અને અધર્મને, ગુણયુક્તને અને ગુણરહિતને, કૃત્યને અને અકૃત્યને, તેમજ હિતને અને અહિતને બરાબર જોઈ શકતા નથી.**

मानुष्यं विफलं वदन्ति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-
र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनाम् ।
दुर्वारं नरकान्धकूपपतनं मुक्तिं बुधा दुर्लभाम्
सार्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ॥१८॥

**ડાહ્યા માણસો કહે છે કે, દયારસમય એવો સર્વજ્ઞનો સિદ્ધાંત જેમના કાને પડ્યો નથી તેમનું માનવજીવન ફોગટ છે, તેમનું હૃદય નકામું છે, તેમના કાન જરૂર વગરના છે, તેમનાથી ગુણ અને દોષનો ભેદ કરવો અસંભવિત થઈ પડે છે, નરકરૂપ અંધકારમય કુવામાં થતું તેમનું પતન અટકાવવું અશક્ય થઈ પડે છે. અરે ! તેમની મુક્તિ પણ દુર્લભ છે.**

पीयूषं विषवज्जलं ज्वलनवत्तेजस्तमस्तोमव-
न्मित्रं शात्रववत्स्रजं भुजगवच्चिन्तामणिं लोष्ठवत् ।
ज्योत्स्नां ग्रीष्मजघर्मवत् स मनुते कारुण्यपण्यापणं
जैनेन्द्रं मतमन्यदर्शनसमं यो दुर्मतिर्मन्यते ॥१९॥

**જે દુર્મતિ માણસ કરૂણારૂપ કરીઆણાના હાટ સરખા જૈનમતને બીજા મત જેવો માને છે, તે અમૃતને ઝેર જેવું, પાણીને અગ્નિ જેવું, તેજને અંધકાર જેવો, મિત્રને શત્રુ જેવો, પુષ્પમાળને સર્પ જેવી, ચિંતામણિરત્નને માટીનાં ઢેફાં જેવું અને ચંદ્રકાંતિને ઉનાળાના ઘામ જેવી માને છે.**

धर्मं जागरयत्यघं विघटयत्युत्थापयत्युत्पथं
भिन्ते मत्सरमुच्छिनत्ति कुनयं मथ्नातिमिथ्यामतिम् ।
वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च य-
तज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ॥२०॥

**જે ડાહ્યો માણસ જિનમતને પૂજે છે, વિસ્તારે છે, ચિંતવે છે અને ભણે છે, તે ધર્મને શોભાવે છે, પાપને દૂર કરે છે, ઉન્માર્ગને નિવારે છે, મત્સરને ભેદે છે, અન્યાયને ઉખેડે છે, મિથ્યામતિને દૂર કરે છે, વૈરાગ્યને વિસ્તારે છે, દયાને પોષે છે અને તૃષ્ણાને ટાળે છે.**

## સંઘ પ્રકરણ

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव
स्वर्गः कल्पमहीरुहामिव सरः पङ्केरुहाणामिव ।
पाथोधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा-
वित्यालोच्य विरच्यतां भगवतः सङ्घस्य पूजाविधिः ॥२१॥

**જેમ રત્નનું સ્થાન રોહણાચલ, તારાનું સ્થાન આકાશ, કલ્પવૃક્ષનું સ્થાન સ્વર્ગ, કમળનું સ્થાન સરોવર, ચંદ્ર સરખા નિર્મલ પાણીનું સ્થાન સમુદ્ર છે તેમ ગુણોના સ્થાનરૂપ અને પૂજ્ય એવા સંઘની પૂજા કરો.**

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थ मुत्तिष्ठते
यं तीर्थं कथयन्ति पावनतया येनास्ति नान्यः समः ।
यस्मै तीर्थ पतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते
स्फूर्तिर्यस्यपरा वसन्ति च गुणाः यस्मिन् स सङ्घोऽडर्च्यताम् ॥२२॥

જે (સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ) સંઘ સંસારનો ત્યાગ કરવા ઇચ્છતો હોઈ મુક્તિ માટે સાવધાન થાય છે, જેને પવિત્રતાથી તીર્થ ગણવામાં આવે છે, જેના જેવો બીજો કોઈ નથી, જેને તીર્થંકર નમસ્કાર કરે છે, જેથી જનોનું કલ્યાણ થાય છે, જેનો ઘણો મહિમા છે અને જેમાં ગુણો વસે છે તે સંઘની પૂજા કરો.

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिङ्गति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वः श्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते
यः सङ्घं गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥२३॥

જે કલ્યાણેચ્છુક મનુષ્ય, ગુણસમૂહના ક્રીડાગૃહરૂપ સંઘને સેવે છે, તેની સમીપમાં સંપત્તિ પોતે આવે છે. કીર્તિ તેને આલિંગન આપે છે, પ્રીતિ તેને સેવે છે. બુદ્ધિ તેને ઉત્સુકતાથી મેળવવા ઇચ્છે છે, સ્વર્ગીય લક્ષ્મી તેને આલિંગન આપવા ઇચ્છે છે અને મોક્ષ તો વારંવાર તેની સામે જોયા કરે છે.

यद्‌भक्तेः फलमर्हदादिपदवी मुख्यं कृषेः सस्यव-
च्चक्रित्वं त्रिदशेन्द्रतादि तृणवत्प्रासङ्गिकं गीयते ।
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोपि वाचस्पतेः
सङ्घः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम् ॥२४॥

**જેમ ખેતીનું ફળ મુખ્યત્વે કરીને ધાન્ય છે તેમ જે (સંઘ)ની ભક્તિનું ફળ ખાસ કરીને તીર્થંકર વગેરે પદવી છે, ખેતી કરતાં જેમ ઘાસ ઉગી નીકળે છે તેમ ચક્રવર્તીપણું અને દેવપણું તો તે (મનુષ્ય) ને સામાન્ય રીતે મળે છે, જેનો મહિમા વર્ણવવાને વાચસ્પતિની વાચા પણ સમર્થ નથી એવો પાપ હરનાર તે સંઘ પોતાનાં ચરણો સ્થાપીને સજ્જનોનાં ઘર પાવન કરો.**

# અહિંસા પ્રકરણ

क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजः संहारवात्याभवो-
दन्वन्नौर्व्यसनाग्निमेघपटली संकेतदूती श्रियाम् ।
निः श्रेणिस्त्रिदिवौकसः प्रियसुखी मुक्तेः कुगत्यर्गला
सत्त्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः ॥२५॥

**સુકૃતનું સ્થાન, દુષ્કૃતરૂપ રજ વિખેરવામાં વંટોળીયારૂપ, સંસાર-સમુદ્રમાં વહાણ સમાન, કાષ્ઠરૂપ અગ્નિપર મેઘઘટા સરખી, સંપત્તિનાં સંકેતસ્થળમાં લઈ જનાર દૂતી સરખી,**

સ્વર્ગની નિસરણી, મુક્તિની પ્રિયસખી અને કુગતિની ભોગળ સરખી દયા જ પ્રાણિમાત્ર ઉપર કરો. બીજા પ્રયત્નોથી સર્યું.

शिखरिणीवृत्त

यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति
प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ।
यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्यापि जगतः
प्रसूते सत्त्वानां तदपि न वधः क्वापि सुकृतम् ॥२६॥

કદાચ શીલા પાણી ઉપર તરે, સૂર્ય પશ્ચિમમાં ઉગે, અગ્નિ કોઈ રીતે શીતળતા ધારણ કરે અને પૃથ્વીની પીઠ આખા જગતની ઉપર થઈ જાય તો પણ પ્રાણીઓનો વધ પુણ્ય ઉપાર્જન કરતો નથી.

मालिनीवृत्त

स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता-
दमृतमुरगवक्त्रात्साधुवादं विवादात् ।
रुगपगममजीर्णाज्जीवितं कालकूटा-
दभिलषति वधाद्यः प्राणिनां धर्ममिच्छेत् ॥२७॥

જે માણસ પ્રાણીના વધથી ધર્મ ઇચ્છે છે, તે અગ્નિથી કમળનું વન, સૂર્ય આથમ્યા પછી દિવસ, સર્પનાં મુખથી અમૃત, વિવાદથી સારાવાટ, અજીર્ણથી રોગોનો નાશ અને કાલકૂટ વિષથી જીવન ઇચ્છે છે !!!

आयुर्दीर्घतरं वपुर्वरतरं गोत्रं गरीयस्तरं
वित्तं भूरितरं बलं बहुतरं स्वामित्वमुच्चैस्तरम् ।
आरोग्यं विगतान्तरं त्रिजगति श्लाध्यत्वमल्पेतरं
संसाराम्बुनिधिं करोति सुतरं चेतः कृपार्द्रान्तरम् ॥२८॥

**દયાથી ભીંજાયેલું હૃદય, આયુષ્યને દીર્ઘ બનાવે છે, શરીરને મજબુત કરે છે. ગોત્રને ઉન્નત બનાવે છે, ધનનો વધારો કરે છે, બળ ઘણું આપે છે, સ્વામીપણું ઉંચા પ્રકારે સ્થાપે છે, નિરંતર આરોગ્ય આપે છે તેણે જગત વડે અતિશય વખાણવા યોગ્યપણું પામે છે અને સંસાર-સમુદ્ર સહેલાઈથી તરી શકાય તેવો કરે છે.**

## સત્ય પ્રકરણ

विश्वासायतनं विपत्तिदलनं देवैः कृताराधनं
मुक्तेः पथ्यदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तम्भनम् ।
श्रेयः संवननं समृद्धिजननं सौजन्यसंजीवनं
कीर्तेः केलिवनं प्रभावभवनं सत्यं वचः पावनम् ॥२९॥

**વિશ્વાસનું સ્થાન, વિપત્તિ ટાળનાર, દેવોએ આરાધેલું, મુક્તિમાર્ગનું ભાતું, પાણી અને અગ્નિને શમાવનાર, વાઘ અને સર્પને થંભાવનાર, કલ્યાણનું વશીકરણ, સંપત્તિ આણી આપનાર, સૌજન્ય ઉપજાવનાર, કીર્તિરૂપ ક્રીડાનું વન, મહિમાનો ભંડાર અને પવિત્ર એવું સત્ય-વચન છે.**

(शिखरिणीवृत्त)

यशो यस्माद्‌भस्मीभवति वनवह्नेरिव वनं
निदानं दुःखानां वदवनिरुहाणां जलमिव ।
न यत्र स्याच्छायातप इव तपः संयमकथा
कथंचित्तन्मिथ्यावचनमभिधत्ते न मतिमान् ॥३०॥

**ડાહ્યો માણસ ક્યારે પણ એવું અસત્ય વચન બોલતો નથી. દાવાનળથી જેમ વન ભસ્મ થાય તેમ જે અસત્ય વચનથી કીર્તિ ભસ્મ થાય છે, વૃક્ષનું મૂળ કારણ જેમ પાણી છે તેમ દુઃખોનું જે મૂળ કારણ છે, તડકામાં જેમ છાયો ન હોય તેમ જેમાં તપ અને ચારિત્રની તો વાત જ સંભળાતી નથી.**

(वंशस्थवृत्त)

असत्यमप्रत्ययमूलकारणं कुवासनासद्म समृद्धिवारणम् ।
विपन्निदानं परवञ्चनोर्जितं कृतापराधं कृतिभिर्विवर्जितम् ।३१।

**અવિશ્વાસનું મૂળ કારણ, કુવાસનાનું ઘર, સમૃદ્ધિને રોકનાર, વિપત્તિનું કારણ, અન્યને ઠગવામાં બળવાન અને અપરાધનું કારણ એવું અસત્ય વચન ડાહ્યા માણસોએ ત્યજ્યું છે.**

तस्याग्निर्जलमर्णवः स्थलमरिर्मित्रं सुराः किङ्कराः
कान्तारं नगरं गिरिर्गृहमहिर्माल्यं मृगारिर्मृगः ।
पातालं बिलमस्त्रमुत्पलदलं व्यालः श्रृगालो विषं
पीयूषं विषमं समं च वचनं सत्याञ्चितं वक्ति यः ॥३२॥

**જે માણસ સત્યયુક્ત વચન બોલે છે, તેને અગ્નિ તે જળ, સમુદ્ર તે સ્થળ, શત્રુ તે મિત્ર, દેવતાઓ તે સેવકો, જંગલ તે નગર, પર્વત તે ઘર, સર્પ તે પુષ્પમાળ, સિંહ તે મૃગ, પાતાળ તે છિદ્ર, શસ્ત્ર તે કમળપત્ર, ગાંડો હાથી તે શિયાળ, ઝેર તે અમૃત અને વિષમ તે સમ બને છે.**

## અસ્તેય પ્રકરણ

(मालिनीवृत्त)

तमभिलषति सिद्धिस्तं वृणीते समृद्धि-
स्तमभिसरति कीर्तिर्मुञ्चते तं भवार्तिः ।
स्पृहयति सुगतिस्तं नेक्षते दुर्गतिस्तं
परिहरति विपत्तं यो न गृहणात्यदत्तम् ॥३३॥

**જે માણસ અદત્ત ગ્રહણ કરતો નથી, તેને મુક્તિ ઈચ્છે છે, સમૃદ્ધિ વરે છે, કીર્તિ મળે છે, સંસારની પીડા મૂકે છે, સદ્‌ગતિ ઝંખે છે, દુર્ગતિ સામે જોતી નથી અને આપત્તિ તજે છે.**

(शिखरिणीवृत्त)

अदत्तं नादत्ते कृतसुकृतकामः किमपि यः
शुभश्रेणिस्तस्मिन् वसति कलहंसीव कमले ।
विपत्तस्माद् दूरं व्रजति रजनीवाम्बरमणे-
र्विनीतं विद्येव त्रिदिवशिवलक्ष्मीर्भजति तम् ॥३४॥

**જે સુકૃત ઈચ્છનાર મનુષ્ય, કંઈપણ અદત્ત લેતો નથી, તેનામાં જેમ કમળમાં રાજહંસી વસે છે તેમ કલ્યાણની પરંપરા વસે છે, જેમ સૂર્યથી અંધકાર દૂર નાસે છે તેમ તેનાથી વિપત્તિ દૂર નાસે છે, જેમ નમ્ર પુરૂષને વિદ્યા સેવે છે તેમ તેને સ્વર્ગ અને મોક્ષલક્ષ્મી સેવે છે.**

## અસ્તેય પ્રકરણ

यन्निर्वर्तितकीर्तिधर्मनिधनं सर्वागसां साधनं
पोन्मीलद्वधबन्धनं विरचितक्लिष्टाशयोद्बोधनम् ।
दौर्गत्यैकनिबन्धनं कृतसुगत्याश्लेषसंरोधनं
प्रोत्सर्पत्प्रधनं जिघृक्षति न तद्धीमानदत्तं धनम् ॥३५॥

**બુદ્ધિમાન માણસ એવું અદત્ત ગ્રહણ કરવા કદિ પણ ઇચ્છતો નથી કે જે અદત્ત, કીર્તિ અને ધર્મનો નાશ કરે છે, સર્વ અપરાધનું કારણ છે, વધ અને બંધનનું નિમિત્તભૂત છે, દુષ્ટ અંતઃકરણને જગાડનાર છે, દુર્ગતિનું ખરેખર કારણ છે, સદ્‌ગતિનું નિવારક છે અરે, મરણ પણ નિપજાવનાર છે.**

(हरिणीवृत्त)
परजनमनः पीडाक्रीडावनं वधभावना-
भवन मवनीव्यापिव्यापल्लताघनमण्डलम् ।
कुगतिगमने मार्गः स्वर्गापवर्गपुरार्गलं
नियतमनुपादयं स्तेयं नृणां हितकाङ्क्षिणाम् ॥३६॥

**હિતેચ્છુજનોએ ચોરીનું કાર્ય અવશ્ય તજવાયોગ્ય છે કે જે અન્યજનોનાં મનને પીડા પમાડવાનું ક્રીડાવન છે, હિંસાની ભાવનાનું સ્થાન છે, પૃથ્વીમંડળમાં વ્યાપેલી આપત્તિ રૂપ લતાનું મેઘમંડળ છે, દુર્ગતિ ગમનમાં માર્ગરૂપ છે અને સ્વર્ગ તેમજ મોક્ષરૂપ નગરની ભોગળ સમાન છે.**

## શીલ પ્રકરણ

दत्तास्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चक-
श्चारित्रस्य जलाञ्जलिर्गुणगणारामस्य दावानलः
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः ॥३७॥
कामार्तस्त्यजति प्रबोधयति वा स्वस्त्रीं परस्त्रीं न यो

**જેણે ત્રણલોકમાં ચિંતામણિ રત્ન સમાન પોતાનું શીલ લોપ્યું છે તે કામીપુરૂષ પોતાની સ્ત્રીને બોલાવતો નથી અને પરસ્ત્રીને છોડતો નથી, તેણે અપયશનો ઢોલ વગડાવ્યો, ગોત્રમાં મશનો કૂચો દેવડાવ્યો, સંયમને તિલાંજલિ આપી, ગુણસમૂહરૂપ ઉપવન દાવાનળ સળગાવ્યો, સર્વ આપદાઓને સંકેત કર્યો, અરે, તેણે પોતાના માટે મોક્ષના દ્વાર બંધ કર્યા.**

व्याघ्रव्यालजलानलादिविपदस्तेषां व्रजन्ति क्षयं
कल्याणानि समुल्लसन्ति विबुधाः सान्निध्यमध्यासते ।
कीर्तिः स्फूर्तिमियर्ति यात्युपचयं धर्मः प्रणश्यत्यधं
स्वर्निर्वाणसुखानि संनिदधते ये शीलमाबिभ्रते ॥३८॥

**જે માણસો શીલ ધારણ કરે છે, તેમની વાઘ, સર્પ (મદોન્મત હાથી) પાણી અને અગ્નિ વગેરે વિપત્તિઓ નાશ પામે છે, કલ્યાણ ઉલ્લાસ પામે, દેવતાઓ તેની સાન્નિધ્યમાં રહે છે, કીર્તિ વિસ્તાર પામે છે, ધર્મ વૃદ્ધિ પામે છે, પાપ નાશ પામે છે અરે, સ્વર્ગ અને મોક્ષના સુખો પણ તેઓ મેળવે છે.**

# શીલ પ્રકરણ

(मालिनीवृत्त)

हरति कुलकलङ्क लुम्पते पापपङ्क
सुकृतमुपचिनोति श्लाघ्यतामातनोति ।
नमयति सुरवर्गं हन्ति दुर्गोपसर्गं
रचयति शुचि शीलं स्वर्गमोक्षौ सलीलम् ॥३९॥

**નિર્મળ શીલ કુળનું કલંક હરે છે, પાપરૂપ કચરાને દૂર કરે છે, સુકૃતને વધારે છે, પ્રશંસનીયપણાને વિસ્તારે છે, સ્વર્ગને નમાવે છે, ભયંકર ઉપસર્ગોને હઠાવે છે. અરે, સ્વર્ગ અને મોક્ષ પણ લીલામાત્રમાં આપે છે.**

तोयत्यग्निरपि स्त्रजत्यहिरपि व्याघ्रोपि सारङ्गति
व्यालोप्यश्वति पर्वतोप्युपलति क्ष्वेडोपि पीयूषति ।
विघ्नोप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां-
नाथोपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रभावाद् ध्रुवम् ॥४०॥

**મનુષ્યનાં શીલના પ્રભાવથી નિશ્ચે અગ્નિ પાણી બને છે, સર્પ ફૂલમાળ બને છે, વાઘ હરણ બને છે, સર્પ અથવા મદોન્મત્ત હાથી અશ્વ બને છે, પર્વત પત્થરરૂપ બને છે, ઝેર અમૃત થાય છે, વિઘ્ન ઉત્સવ રૂપ થાય છે, શત્રુ મિત્ર બને છે, સમુદ્ર ક્રીડાના સરોવર જેવો થાય છે અને અટવી પોતાનાં ઘર સરખી થાય છે.**

## પરિગ્રહત્યાગ પ્રકરણ

कालुष्यं जनयन् जडस्य रचयन् धर्मद्रुमोन्मूलनं
क्लिष्यन्नीतिक-पाक्षमाकमलिनीर्लोभाम्बुधिं वर्धयन् ।
मर्यादातटमुद्रुजन् शुभमनोहंसप्रवासं दिशन्
किं न क्लेशकरः परिग्रहनदीपूरः प्रवृद्धिं गतः ॥४१॥

**જો પરિગ્રહરૂપ નદીનું પૂર વૃદ્ધિ પામ્યું હોય તો શી શી ખરાબી નથી કરતું ? તે જડપુરૂષમાં કલુષતા ઉપજાવે છે, ધર્મરૂપ વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાંખે છે, નીતિ, કૃપા અને ક્ષમારૂપ કમલિનીને કલેશ પમાડે છે લોભરૂપ સમુદ્ર ને વધારે છે મર્યાદારૂપ કિનારાને હચમચાવે છે અને શુભમનરૂપ હંસને પ્રવાસ કરાવે છે-ઉડાડે છે.**

(मालिनीवृत्त)

कलहकलभविंध्यः क्रोधगृध्रस्मशानं
व्यसनभुजगरन्ध्रं द्वेषदस्युप्रदोषः ।
सुकृतवनदवाग्निर्मार्दवाम्भोदवायु-
र्नयनलिनतुषारोऽत्यर्थमर्थानुरागः ॥४२॥

**ધન પર અત્યંત પ્રીતિ ક્લેશરૂપ બાલહસ્તીને વિંધ્યાચળ સમાન છે, ક્રોધરૂપ ગીધપક્ષીઓને સ્મશાન જેવી છે, વ્યસન-દુઃખરૂપ સર્પને રાફડાતુલ્ય છે, દ્વેષરૂપ ચોરને સંધ્યાસાંજરૂપ છે, સુકૃતરૂપ વનને દાવાનળ સમાન છે, મૃદુતારૂપ મેઘને વાયુરૂપ છે અને નય-નીતિરૂપ કમળને હિમસરખી છે.**

प्रत्यर्थी प्रशमस्य मित्रमधृतेर्मोहस्य विश्रामभूः
पापानां खनिरापदां पदमसद्ध्यानस्य लीलावनम् ।
व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः शोकस्य हेतुः कलेः
केलिवेश्म परिग्रहः परिहतेर्योग्यो विविक्तात्मनाम् ॥४३॥

**વિવેકીજનોએ એવો પરિગ્રહત્યજવા યોગ્ય છે કે, જે શાંતિનો શત્રુ છે, અધીરાઈનો મિત્ર છે, મોહનું વિશ્રામ સ્થાન છે, પાપની ખાણ છે. આપદાઓનું પગથીયું છે. દુર્ધ્યાનને ક્રીડા કરવાનું વનરૂપ છે, આકુળ-વ્યાકુળતાનો ભંડાર છે, મદ-અહંકારનો મંત્રી છે, શોકનું કારણ છે અરે ! કંકાસને ક્રીડા કરવાનું ઘર છે.**

वह्निस्तृप्यति नेन्धनैरिह यथा नाम्भोभिरम्भोनिधि-
स्तद्वल्लोभघनो धनैरपि धनैर्जन्तुर्न संतुष्यति ।
नत्त्वेवं मनुते विमुच्य विभवं निःशेषमन्यं भवं
यात्यात्मा तदहं मुधैव विदधाम्येनांसि भूयांसि किम् ॥४४॥

**જેમ આ જગતમાં ઘણાં લાકડાંઓ વડે અગ્નિ તૃપ્ત થતો નથી અને પાણી વડે સમુદ્ર જેમ ધરાતો નથી, તેમ મનુષ્ય ઘણાં ધનથી પણ સંતોષ પામતો નથી. વળી તે મનુષ્ય એમ પણ વિચારતો નથી કે, આ બધો વૈભવ અહિં મૂકીને આત્મા બીજા ભવને ધારણ કરે છે તો શા માટે ફોગટ ઘણાં પાપ કરૂં ?**

## ક્રોધત્યાગ પ્રકરણ

यो मित्रं मधुनो विकारकरणे संत्राससंपादने
सर्पस्य प्रतिबिमङ्गदहने सप्तार्चिषः सोदरः ।
चैतन्यस्य निषूदने विषतरोः सब्रह्मचारी चिरं
सक्रोधः कुशलाभिलाषकुशलैः प्रोन्मूलमुन्मूल्यताम् ॥४५॥

**પોતાનું કુશળ ઇચ્છવામાં કુશળ મનુષ્યોએ તે ક્રોધને મૂળમાંથી ઉખેડી નાંખવો જોઈએ કે, જે વિકાર કરવામાં મદિરાના મિત્રરૂપ છે, ભય ઉપજાવવામાં સર્પની જ આકૃતિ સમાન છે, શરીરનું શોષણ કરવામાં અગ્નિનો બંધુ છે અને ચૈતન્યનો નાશ કરવામાં ખરેખર વિષમવૃક્ષ જેવો છે.**

(हरिणीवृत्त)

फलति कलितश्रेयःश्रेणीप्रसूनपरम्परः
प्रशमपयसा सिक्तो मुक्तिं तपश्चरणद्रुमः ।
यदि पुनरसौ प्रत्यासत्तिं प्रकोपहविर्भुजो-
भजति लाभते भस्मीभावं तदा विफलोदयः ॥४६॥

**તપ અને ચારિત્રરૂપ વૃક્ષ, જો શાંતિરૂપ પાણીથી છંટાય તો કલ્યાણની પંક્તિરૂપ ફૂલો ઉપજાવે છે અને મુક્તિરૂપ ફળ આપે છે; પરંતુ જો ક્રોધરૂપ અગ્નિની સમીપતા સેવે તો ફળ ઉપજાવ્યા વગર જ ભષ્મ થઈ જાય છે.**

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुत्सादय-
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।
कीर्तिं कुन्तति दुर्मतिं वितरति व्याहन्ति पुण्योदयं
दत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ॥४७॥

**તે ક્રોધ સત્પુરૂષોએ તજવા યોગ્ય છે કે, જે દોષ સહિત હોઈ સંતાપને વિસ્તારે છે, વિનયને ભેદે છે, મિત્રભાવને તોડે છે, ઉદ્‌વેગને ઉપજાવે છે, પાપવાળાં વચન બોલાવે છે, કલેશ કરાવે છે, કીર્તિનો નાશ કરે છે, દુર્બુદ્ધિ આપે છે, પુણ્યોદયનો નાશ કરે છે. અરે ! દુર્ગતિ પણ આપે છે.**

यो धर्मं दहति द्रुमं दव इवोन्मथ्नाति नीतिं लतां
दन्तीवेन्दुकलां विधुंतुद इव क्लिश्नाति कीर्तिं नृणाम् ।
स्वार्थं वायुरिवाम्बुदं विघटयत्युल्लासयत्यापदं
तृष्णां धर्म इवोचितः कृतकृपालोपः स कोपः कथम् ॥४८॥

જેમ દાવાનળ વૃક્ષને બાળે છે તેમ જે ક્રોધ, ધર્મને બાળે છે, જેમ હાથી વેલડીને ઉખેડી નાંખે છે તેમ જે નીતિરૂપી લતાને ઉખેડી નાખે છે, જેમ રાહુ ચંદ્રમાને કલંક ઉપજાવે છે, તેમ જે મનુષ્યોની કીર્તિને કલંક લગાડે છે, જેમ પવન મેઘનો નાશ કરે છે, તેમ જે સ્વાર્થનો નાશ કરે છે અને જેમ ગ્રીષ્મઋતુ તૃષા વધારે છે તેમ જે આપત્તિ વધારે છે તેવો ક્રોધ, દયાનો લોપ કરનાર હોવાથી શી રીતે કરવો ઘટે ? નજ ઘટે.

## માનત્યાગ પ્રકરણ

(मन्दाकान्तावृत्त)

यस्मादाविर्भवति विततिर्दुस्तरापन्नदीनां
यस्मिन् शिष्टाभिरुचितगुणग्रामनामापि नास्ति ।
यश्च व्याप्तं वहति वधधीधूम्यया क्रोधदावं
तं मानाद्रिं परिहर दुरारोहमौचित्यवृत्तेः ॥४९॥

હે મનુષ્ય ! મુશ્કેલીથી ચઢી શકાય તેવા તે માનરૂપ પર્વતને યોગ્ય વર્તન વડે ત્યજ કે, જેમાંથી ન તરી શકાય તેવી આપદ્‌રૂપ નદી પ્રકટે છે, જેમાં ઉત્તમ પુરૂષોને પસંદ પડતા ગુણો નથી, જે હિંસાબુદ્ધિરૂપ ધુમાડાથી ઢંકાયેલો છે અને જેથી ક્રોધરૂપ દાવાનળ વ્યાપેલ છે.

(शिखरिणीवृत्त)

शमालानं भञ्जन् विमलमतिनाडीं विघटयन्
कीरन्दुर्वाक्पांसूत्करमणयन्नागमसृणिम् ।
भमन्नुर्व्यां स्वैरं विनयनयवीथिं विदलयत्-
जनः कं नानर्थं जनयति मदांधो द्विप इव ॥५०॥

અહંકારી મનુષ્ય મદોન્મત્ત હાથીની જેમ શું અનર્થ ઉપજાવતો નથી ? તે શાંતિરૂપ સ્તંભને ભાંગી નાંખે છે, બુદ્ધિરૂપ દોરડાંને તોડી નાંખે છે, દુર્વચનરૂપ ધૂળના સમુહને ઉડાડે છે, સિદ્ધાંતરૂપ અંકુશને ગણકારતો નથી, પૃથ્વી પર સ્વચ્છંદ રીતે ભટકે છે અને વિનય તેમજ ન્યાયરૂપ માર્ગનો વિનાશ કરે છે.

औचित्याचरणं विलुम्पति पयोवाहं नभस्वानिव
प्रध्वसं विनयं नयत्यहिरिव प्राणस्पृशां जीवितम् ।
कीर्तिं कैरविणीं मतङ्गज इव प्रोल्लासयत्यञ्जासा
मानो नीच इवोपकारनिकरं हन्ति त्रिवर्गं नृणाम् ॥५१॥

જેમ નીચ માણસ કરેલા ઉપકારનો નાશ કરે છે તેમ જે માન મનુષ્યોના ત્રણે વર્ગનો નાશ કરે છે. જેમ વાયુ મેઘનો નાશ કરે છે, તેમ તે યોગ્યવર્તનનો નાશ કરે છે. જેમ સર્પ જીવનનો ક્ષય કરે છે, તેમ તે પ્રાણીના વિનયનો નાશ કરે છે. જેમ મદોન્મત્ત હાથી કમલિનીને એકદમ ઉખેડી નાંખે છે તેમ તે ઉતાવળે કીર્તિને ઉખેડી નાંખે છે.

(वसन्ततिलकावृत्त)

मुष्णाति यः कृतसमस्तसमीहितार्थ
संजीवनं विनयजीवितमङ्गभाजाम् ॥
जात्यादिमानविषजं विषमं विकारं
तं मार्दवामृतरसेन नयस्व शान्तिम् ॥५२॥

**હે મનુષ્ય, જે અહંકાર, પ્રાણીઓના સર્વ અભીષ્ટ સિદ્ધ કરાવનાર અને સંજીવન સરખાં વિનયરૂપી જીવનનો નાશ કરે છે, જાતિ વગેરે માનરૂપ વિષયથી ઉપજેલ ભયંકર વિકારને તું મૃદુતા - નરમાશરૂપ અમૃત રસ વડે શાંત કર.**

## માયાત્યાગ પ્રકરણ

(मालिनीवृत्त)

कुशलजननवध्यां सत्यसूर्यास्तसन्ध्यां
कुगतियुवतिमालां मोहमातङ्गशालाम् ।
शमकमलहिमानीं दुर्यशोराजधानिं
व्यसनशतसहायां दूरतो मुञ्च मायाम् ॥५३॥

**હે મનુષ્ય, તું તે માયાને દૂર કર, કે જે કુશળ કરવામાં વંધ્યા સમાન (નિષ્ફળ) છે, સત્ય વચનરૂપ સૂર્યને અસ્ત કરવા માટે સંધ્યા-સાંજરૂપ છે, દુર્ગતિરૂપ સ્ત્રીને પહેરવા માળારૂપ છે, મોહરૂપ હાથીને બાંધવાની શાળારૂપ છે, ઉપમશરૂપ કમળને મોટાં હિમસરખી છે, અપયશની રાજધાની રૂપ છે, અરે, સેંકડો વ્યસન-દુઃખોનો સહકાર કરનારી છે.**

(उपेन्द्रवज्रावृत्त)

विधाय मायां विविधैरुपायैः

परस्य ये वञ्चनमाचरन्ति ।

ते वञ्चयन्ति त्रिदिवापवर्ग-

सुखान्महामोहसखाः स्वमेव ॥५४॥

**જેઓ વિવિધ ઉપાયો વડે માયા કરીને અન્યને ઠગવાનું કરે છે, તેઓ મહા અજ્ઞાનતાના મિત્રરૂપ હોઈ પોતે જ આત્માને સ્વર્ગ અને મોક્ષનાં સુખોથી ઠગે છે - મુક્ત રાખે છે.**

(इन्द्रवज्रावृत्त)

मायामविश्वासविलासमन्दिरं

दुराशयो यः कुरुते धनाशया ।

सोऽनर्थसार्थं न पतन्तमीक्षते

यथा बिडालो लगुडं पयः पिबन् ॥५५॥

**જે દુષ્ટ આશયવાળો મનુષ્ય, ધનની આશાથી અવિશ્વાસને વિલાસ કરવાનાં મંદિરરૂપ કપટ કરે છે તે, જેમ બીલાડો દૂધ પીતો છતો ડાંગ જોતો નથી તેમ (માયાવી) આવી પડતી અનર્થ પરંપરાને જોતા નથી.**

(वसन्ततिलकावृत्त)

मुग्धप्रतारणपरायणमुज्जिहीते
यत्पाटवं कपटलम्पटचित्तवृत्तेः ।
जीर्यत्युपप्लवमवश्यमिहाप्यकृत्वा
नापथ्यभोजनमिवामयमायतौ तत् ॥५६॥

**કપટમાં લંપટ ચિત્તવાળા મનુષ્યની, મૂર્ખજનોને છેતરવામાં કુશળ એવી જે ચતુરાઈ પ્રકટ થાય છે, તે અપથ્ય ભોજનની માફક આ જન્મમાં જ ઉપદ્રવ કર્યા વગર રહેતી નથી.**

## લોભત્યાગ પ્રકરણ

यद्दुर्गामटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरं
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसंचरं
सर्पन्ति प्रधनं धनांधितधियस्तल्लोभविस्फूर्जितम् ॥५७॥

**ધન વડે અંધ બની ગયેલ બુદ્ધિવાળા લોકો, ભયંકર અટવીમાં ભ્રમણ કરે છે; દેશ-દેશાંતર ભટકે છે, અગાધ ઊંડા સમુદ્રમાં પ્રવાસ કરે છે, ભારે કલેશ પમાડનાર ખેતી કરે છે, હાથીઓના સમૂહમાં મુશ્કેલીથી પેસી શકાય તેવા (કઠણ) કૃપણ માલીકની સેવા કરે છે અરે, નાશ પણ પામે છે, તે લોભનું જ પરિણામ છે.**

मूलं मोहविषद्रुमस्य सुकृताम्भोराशिकुम्भोद्भवः
क्रोधाग्नेररणिः प्रतापतरणिप्रच्छादने तोयदः ।
क्रीडासद्म कलेर्विवेकशशिनः स्वर्भानुरापन्नदी-
सिन्धुः कीर्तिलताकलापकलभो लोभः पराभूयताम् ॥५८॥

**હે મનુષ્ય, તું એ લોભનો પરાભવ કરે, કે જે મોહરૂપ વિષવૃક્ષનું મૂળ છે, સુકૃતરૂપ સમુદ્રને શોષવામાં અગસ્ત્ય ઋષિ સમાન છે, ક્રોધરૂપ અગ્નિને અરણિના કાષ્ઠરૂપ છે. પ્રતાપરૂપ સૂર્યને ઢાંકવા મેઘરૂપ છે, કલહનું ક્રીડાગૃહ છે, વિવેકરૂપ ચંદ્રને રાહુરૂપ છે, આપત્તિરૂપ નદીઓને ધારણ કરવામાં સમુદ્ર જેવો છે અને કીર્તિરૂપ લતાનો નાશ કરવામાં બાલહસ્તીરૂપ છે.**

वसन्ततिलकावृत्त

निःशेषधर्मवनदाहविजृम्भमाणे
दुःखौधभस्मनि विसर्पदकीर्तिधूमे ।
बाढ धनेन्धनसमागमदीप्यमाने
लोभानले शलभतां लभते गुणौधः ॥५९॥

**સઘળા ધર્મરૂપ વનનો દાહ કરનાર, દુઃખના સમૂહ રૂપ રાખવાળા, અપકીર્તિરૂપ ધુમાડો પ્રસરાવનાર ધનરૂપ કાષ્ઠના સમાગમથી દીપતા એવા લોભરૂપ અગ્નિમાં ગુણનો સમૂહ પતંગપણું ધારણ કરે છે.**

जातः कल्पतरुः पुरः सुरगवी तेषां प्रविष्टा गृहं ।
चिन्तारत्नमुपस्थितंकरतलप्राप्तो निधिः सन्निधिम् ।
विश्वं वश्यमवश्यमेव सुलभाः स्वर्गापवर्गश्रियः
ये संतोषमशेषदोषदहनध्वंसाम्बुदं बिभ्रते ॥६०॥

**જેઓ સઘળા દોષરૂપ અગ્નિનો નાશ કરવામાં મેઘ સમાન સંતોષને ધારણ કરે છે, તેમની પાસે કલ્પવૃક્ષ ઉગ્યો છે, તેમના ઘરમાં કામધેનુએ પ્રવેશ કર્યો છે, તેમની હથેળીમાં ચિંતામણિ-રત્ન છે, ધન ભંડાર તેમની સમીપમાં આવે છે, જગત તેમને જરૂર વશ વર્તે છે અને સ્વર્ગ તેમજ અપવર્ગની સંપત્તિઓ મેળવવી પણ તેમને સુલભ છે.**

## સૌજન્ય પ્રકરણ

शिखरिणीवृत्त

वरं क्षिप्तः पाणिः कुपितफणिनो वक्त्रकुहरे
वरं झम्पापातो ज्वलदनलकुण्डे विरचितः ।
वरं प्रासप्रान्तः सपदि जठरान्त र्विनिहितो
न जन्यं दौर्जन्यं तदपि विपदां सद्म विदुषा ॥६१॥

**ક્રોધાયમાન સર્પના મુખરૂપ ખાડામાં હાથ નાંખવો સારો, બળતા અગ્નિના કુંડમાં ઝંપાપાત કરવો સારો, ભાલાનો અગ્રભાગ પેટમાં ઘોંચવો યે સારો પરંતુ ડાહ્યા માણસે દુઃખના સ્થાનકરૂપ દુર્જનતા કરવી ઉચિત નથી.**

(वसन्ततिलकावृत्त)

सौजन्यमेव विदधाति यशश्चयं च
स्वश्रेयसं च विभवं च भवक्षयं च ।
दौर्जन्यमावहसि यत्कुमते तदर्थं
धान्येऽनलं क्षिपसि तज्जलसेकसाध्ये ॥६२॥

**સજ્જનતા જ, જ્યારે કીર્તિસમૂહ, કલ્યાણ, વૈભવ અને ભવનો નાશ કરે છે, તો હે કુમતિ ! તું દુર્જનતા શા માટે ધારણ કરે છે ? કેમ કે તે તો પાણી છાંટવાથી ઉગેલા ધાન્ય પર અગ્નિ નાંખવા જેવું કાર્ય છે.**

(पृथ्वीवृत्त)

वरं विभववन्ध्यता सुजनभावभाजां नृणा-
मसाधुचरितार्जिता न पुनरुर्जिताः संपदः ।
कृशत्वमपि शोभते सहजमायतौ सुन्दरं
विपाकविरसा न तु श्वयथुसंभवा स्थूलता ॥६३॥

**સજ્જન માણસો વૈભવ વગરના હોય તે સારૂ છે; પરંતુ દુર્જનતા કરીને મેળવેલી મોટી દોલત સારી નથી જ. શરીરની સ્વાભાવિક કૃશતા ભવિષ્યમાં શોભા આપે છે; પરંતુ સોજો ચડવાથી થયેલી સ્થૂલતા તો શોભતી જ નથી, કેમકે પરિણામે તે ભયંકર છે.**

नाब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं
संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।
स्वश्लाधां न करोति नोज्झति नयं नौचित्यमुल्लङ्घय-
त्युक्तोप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम् ॥६४॥

**સજ્જનોનું ચરિત્ર જ એવું હોય છે કે, તેઓ પારકાના દોષો બોલતા નથી; પરંતુ થોડા પણ ગુણ જ હંમેશા ગાતા હોય છે. તેઓ પારકા વૈભવમાં મત્સર ધરતા નથી; પરંતુ બીજાની પીડામાં દુઃખ પામે છે તેઓ સ્વપ્રશંસા કરતા નથી, વિનયભાવ છોડતા નથી, ન્યાયમાર્ગનું ઉલ્લંઘન કરતા નથી અને અપ્રિય કહ્યા છતાં પણ ક્રોધ કરતા નથી.**

## ગુણિસંગ પ્રકરણ

धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमा-
काव्यं निष्प्रतिभस्तपः शमदया शून्योऽल्पमेधाः श्रुतम् ।
वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वाञ्छत्यसौ
यः सङ्गिगुणिनां विमुच्य विमतिः कल्याणमाकाङ्क्षति ॥६५॥

**જેમ મનુષ્ય, ગુણિજનોનો સંગ ત્યજીને કલ્યાણ ઇચ્છે છે, તે પોતે દયાહીન છતાં ધર્મને, ન્યાયરહિત છતાં યશને, આળસુ છતાં વિત્તને, બુદ્ધિ રહિત છતાં કાવ્યને, ઉપશમ તેમજ દયાથી રહિત છતાં તપને અલ્પબુદ્ધિમાન છતાં શાસ્ત્રને, આંધળો છતાં વસ્તુ જોવાને અને ચંચળ ચિત્તવાળો છતાં ધ્યાનને ઈચ્છે છે-ઇચ્છવા જેવું કરે છે.**

(हरिणीवृत्त)

हरति कुमतिं भिन्ते मोहं करोति विवेकितां
वितरति रतिं सूते नीतिं तनोति गुणावली
प्रथयति यशो धत्ते धर्मं व्यपोहति दुर्गतिं
जनयति नृणां किं नाभीष्टं गुणोत्तमसङ्गमः ॥६६॥

**ગુણથી ઉત્તમજનોની સંગતિ, શી શી ઈષ્ટસિદ્ધિ નથી કરતી ? સર્વ કરે છે-કુમતિને હણે છે, મોહને ભેદે છે, વિવેકીપણાને કરે છે, સુખ આપે છે, નીતિને ઉત્પન્ન કરે છે, વિનયીપણાને વિસ્તારે છે, યશને ફેલાવે છે, ધર્મને ધારણ કરે છે અને દુર્ગતિને ટાળે છે.**

लब्धुं बुद्धिकलापमापदमपाकर्तुं विहर्तुं पथि
प्राप्तुं कीर्तिमसाधुतां विधुवितुं धर्मं समासेवितुम् ।
रोध्धुं पापविपाकभाकलयितुं स्वर्गापवर्गश्रियं
चेत्त्वं चित्त समीहसे गुणवतां सङ्गं तदङ्गीकुरु ॥६७॥

**હે ચિત્ત ! તું ઘણી બુદ્ધિ સંપાદન કરવાને, આપત્તિ ટાળવાને, ન્યાયપથમાં વિહરવાને, કીર્તિ મેળવવાને, દુર્જનતા તજવાને, ધર્મ સેવવાને, પાપના પરિણામને રોકવાને અને સ્વર્ગ તેમજ મોક્ષસુખ અનુભવવાને ઇચ્છતું હોય તો ગુણીજનોની સંગતિ કર.**

(हरिणीवृत्त)

हिमति महिमाम्भोजे चण्डानिलत्युदयाम्बुदे
द्विरदति दयारामे क्षेमक्षमाभृति वज्रति ।
समिधति कुमत्यग्नौ कन्दत्यनीतिलतासु यः
किमभिलषतां श्रेयः श्रेयान् स निर्गुणिसङ्गमः ॥६८॥

**ઉત્તમ મનુષ્ય, ગુણરહિત જનોનો સમાગમ કદિ ઈચ્છે ખરો ? કે જે સમાગમ મહિમારૂપ કમળને વિષે હિમની માફક આચરે છે, ઉદયરૂપ મેઘને વિષે પ્રચંડ વાયુના જેવું વર્તન કરે છે, દયારૂપ બગીચામાં જે હાથી જેવો છે, કલ્યાણરૂપ પર્વતને જે વજ સરખો છે, કુમતિરૂપ અગ્નિને જે કાષ્ઠ સરખો છે અને અનીતિરૂપ લતાને જે કંદ સમાન છે.**

## ઈન્દ્રિયદમન પ્રકરણ

आत्मानं कुपथेन निर्गममयितुं यः सूकलश्वायते
कृत्याकृत्यविवेकजीवितहृतौ यः कृष्णसर्पायते ।
यः पुण्यद्रुमखण्डनविधौ स्फूर्जत्कुठारायते
तं लुप्तव्रतमुद्रमिन्द्रियगणं जित्वा शुभंयुर्भव ॥६९॥

**જે ઇન્દ્રિયસમૂહ, આત્માને કુમાર્ગે લઈ જવાને અડીયલ ટટ્ટુની જેમ વર્તે છે, કૃત્ય અને અકૃત્યના વિવેકરૂપે જીવનને હરણ કરવામાં કાળા સર્પના જેવું આચરણ કરે છે, પુણ્યરૂપ**

વૃક્ષના ટુકડે ટુકડા કરવામાં જે તીક્ષ્ણ કુહાડાનું કામ કરે છે અને જેણે વ્રતની મર્યાદા તોડી છે એવો તે (ઇન્દ્રિય સમૂહ) ને જીતીને તું પોતાનો શુભેચ્છક થા.

(शिखरिणीवृत्त)

प्रतिष्ठां यन्निष्ठां नयति नयनिष्ठां विघटय-
त्यकृत्येष्वाधत्ते मतिमतपसि प्रेम तनुते ।
विवेकस्योत्सेकं विदलयति दत्ते च विपदं
पदं तद्दोषाणां करणनिकुरम्बं कुरु वशे ॥७०॥

હે મનુષ્ય, દોષોનાં સ્થાનરૂપ ઇન્દ્રિય સમૂહ-કે જે મહત્તાનો નાશ કરે છે, ન્યાયનું ધોરણ તોડે છે, અકાર્ય કરવા પ્રેરે છે, અવિરતિમાં પ્રેમ કરાવે છે, વિવેકની વૃદ્ધિને અટકાવે છે, અરે ! વિપત્તિને પણ આપે છે, તેને તું વશ કર.

धत्तां मौनमगारमुज्झतु विधिप्रागल्भ्यमभ्यस्यता-
मस्त्वन्तर्गणमागमश्रममुपादत्तां तपस्तप्यताम् ।
श्रेयः पुञ्जनिकुञ्ज भञ्जनमहवातं न चेदिन्द्रिय-
व्रातं जेतुमवैति भस्मनिहुतं जानीत सर्वं ततः ॥७१॥

હે મનુષ્ય, કદાચ તું મૌન ધારણ કર, ગૃહવાસનો ત્યાગ કર, આચારનું ઉંડુ રહસ્ય જાણ, ગચ્છવાસમાં રહે, સિંદ્ધાતશ્રવણ કર, તપસ્યા કર; પરંતુ કલ્યાણના સમૂહરૂપ બગીચાને ખેદાન-મેદાન કરવામાં પ્રચંડ વાયુરૂપ ઇન્દ્રિયસમૂહને જો તું વશ કરી જાણતો નથી તો રાખમાં હોમેલ દ્રવ્યની માફક (ઉપરનું) સર્વ નિરર્થક જાણ.

धार्मध्वंसधुरीणमभ्रमरसावारीणमापत्प्रथा-
लङ्कर्मीणमशर्मनिर्मितकलापारीणमेकान्ततः ।
सर्वान्नीनमनात्मनीनमनयात्यन्तीनमिष्टे यथा-
कामीनं कुपथाध्वनीनमजयन्नक्षौधमक्षेमभाक् ॥७२॥

ધર્મનો નાશ કરવામાં મુખ્ય, સત્યજ્ઞાનને ઢાંકનાર, આપત્તિના વિસ્તારને વધારનાર, અકલ્યાણ કરવામાં ચતુર, નિશ્ચે સર્વસ્વ નાશ કરનાર, આત્માનું અહિત જ કરનાર, અન્યાયનો પક્ષ કરનાર, સ્વેચ્છા મુજબ વર્તનાર, કુમાર્ગના મુસાફરરૂપ અને અકલ્યાણ કરનાર એવા ઇન્દ્રિયસમૂહનો જે મનુષ્ય જય કરતો નથી, તે સુખી થતો નથી.

## લક્ષ્મી સ્વભાવ પ્રકરણ

निम्नं गच्छति निम्नगेव नितरां निद्रेव विष्कम्भते
चैतन्यं मदिरेव पुष्यति मदं धूम्येव धत्तेन्धताम् ।
चापल्यं चपलेव चुम्बति दवज्वालेव तृष्णां नय-
त्युल्लासं कुलटाङ्गनेव कमला स्वैरं परिभ्राम्यति ॥७३॥

લક્ષ્મી, નદીની પેઠે નીચ પ્રત્યે કુટીલપણે જાય છે, નિદ્રાની માફક જ્ઞાનનો નિરંતર અંતરાય કરે છે, મદિરાની માફક મદમસ્ત બનાવે છે, ધુમાડાની માફક અંધપણાને આપે છે, વિજળીની માફક ચંચળપણાને સેવે છે, દાવાનળની માફક ઉકળાટ વધારે છે અને સ્વચ્છંદી સ્ત્રીની જેમ સ્વેચ્છા પ્રમાણે ભટકે છે.

दायादाः स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमी भुजो
गृह्णन्ति च्छलमाकलय्य हुतभुगभस्मीकरोति क्षणात् ।
अम्भः प्लावयते क्षितौ विनिहतं यक्षा हरन्ते हठात्
दुर्वृत्तास्तनया नयन्ति निधनं धिग्बह्वधीनं धनम् ॥७४॥

**જે ધનને વંશવારસદારો મેળવવા ઇચ્છે છે, ચોરો ચોરી જાય છે, રાજા કોઈ બ્હાને લઈ લે છે, અગ્નિ ક્ષણવારમાં ભસ્મ કરે છે, પાણી જરાવારમાં ગળી જાય છે, જમીનમાં દાટેલું હોય તે બળાત્કારથી વ્યંતરો હરણ કરે છે અને દુરાચારી પુત્રો નાશ કરે છે એવાં અને ઘણાની અધીનતા ભોગવતાં ધનને ધિક્કાર થાઓ.**

नीचस्यापि चिरं रचयन्त्यायान्ति नीचैर्नतिं
शत्रोरप्यगुणात्मनोऽपि विदधत्युच्चैः गुणोत्कीर्तनम् ।
निर्वेदं न विदन्ति किञ्चिदकृतज्ञस्यापि सेवाक्रमे
कष्टं किं न मनस्विनोऽपि मनुजाः कुर्वन्ति वित्तार्थिनः ॥७५॥

**ડાહ્યા માણસો પણ ધનના ઇચ્છુક થઈને કયું કયું કષ્ટ ભોગવતા નથી ? હંમેશ નીચજન પાસે જઈને ખુશામત કરે છે એમ જ નહિ પણ તેને લાંબો નમસ્કાર પણ કરે છે ! શત્રુનાં તેમજ દુર્ગુણી મનુષ્યનાં ઘણાં ગુણગાન કરે છે અને કૃતઘ્ન સ્વામીની સેવા કરવામાં પણ ખેદ ધરતા નથી-અકળાતા નથી.**

लक्ष्मीः सर्पति नीचमर्णवपयः सङ्गादिवाम्भोजिनी-
संसर्गादिव कण्टकाकुलपदा न क्वापि धत्ते पदम् ।
चैतन्यं विषसन्निधेरिवनृणामुज्झासयत्यज्जसा
धर्मस्थाननियोजनेन गुणिभिर्ग्राह्यंतदस्याः फलम् ॥७६॥

**જેમ સમુદ્રના પાણીના સંગથી પાણી નીચે જાય છે તેમ લક્ષ્મી નીચ પુરૂષ તરફ જાય છે. કમલિનીના સંયોગથી કાંટાવાળી હોઈ કોઈપણ સ્થળે તે પોતાનો સ્થિરવાસ કરતી નથી. વિષના સમીપપણાની જેમ તે મનુષ્યનાં ચૈતન્યનો સહજમાં નાશ કરે છે, માટે ગુણીજનોએ તેને ધર્મમાર્ગે વાપરી ફળ મેળવવું ઘટે છે.**

## ધન પ્રકરણ

चारित्रं चिनुते तनोति विनयं ज्ञानं नयत्युन्नतिं
पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागमम् ।
पुण्यं कन्दलयत्यघं दलयति स्वर्गं ददाति क्रमान्-
त्रिर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ॥७७॥

**સત્પાત્રમાં આપેલું ધન ચારિત્રને ઉંચુ બનાવે છે, વિનયને વધારે છે, જ્ઞાનને ઉન્નત કરે છે, શાંતિને પોષે છે, તપને બળવાન કરે છે. આગમને ઉલ્લસિત કરે છે, પુણ્યને ઉત્પન્ન કરે છે, પાપને ખપાવે છે, સ્વર્ગને આપે છે, અરે ! મોક્ષને પણ મેળવી આપે છે.**

दारिद्र्यं न तमीक्षते न भजते दौर्गत्यमालम्बते
नाकीर्तिर्नपराभवोभिलषते न व्याधिरास्कन्दति ।
दैन्यं नाद्रियते दुनोति न दरः क्लिश्नन्ति नैवापदः
पात्रे यो वितरत्यनर्थदलनं दानं निदानं श्रियाम् ॥७८॥

**અનર્થનો નાશ કરનાર અને સંપત્તિનું કારણભૂત દાન જે પુરૂષ સત્પાત્રમાં આપે છે, તેને દરિદ્રતા જોતી નથી, પરાભવ ઇચ્છતો નથી, વ્યાધિ સુકવતો નથી, દીનતા આદર કરતી નથી, ભય પીડતો નથી; તેમજ સંકટો હેરાન કરતાં નથી.**

लक्ष्मीः कामयते मतिर्मृगयते कीर्तिस्तमालोकते
प्रीतिश्चुम्बति स्सेवते सुभगता नोरोगतालिङ्गति ।
श्रेयः संहतिरभ्युपैति वृणुते स्वर्गोपभोगस्थिति-
र्मुक्तिर्वाञ्छति यः प्रयच्छति पुमान् पुण्यार्थमर्थं निजं ॥७९॥

**જે પુરૂષ પુણ્યનિમિત્તે પોતાનું ધન આપે છે તેને લક્ષ્મી ઈચ્છે છે, બુદ્ધિ શોધે છે, કીર્તિ જુએ છે, પ્રીતિ ચુંબન કરે છે, સૌભાગ્ય સેવે છે, આરોગ્ય આલિંગન કરે છે, કલ્યાણની પરંપરા સમીપમાં આવે છે, સ્વર્ગના ઉપભોગની દશા વરે છે અને મોક્ષ પણ ઇચ્છે છે.**

(मन्दाक्रान्तावृत्त)

तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कण्ठिता श्रीः
स्निग्धा बुद्धिः परिचयपरा चक्रवर्तित्वऋद्धिः ।
पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसंप-
त्सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः ॥૮૦॥

**જે પુરૂષ પોતાનું વિપુલ ધનરૂપ બીજ સાત ક્ષેત્રમાં વાવે છે, સુખ તેની પાસે આવે છે, કીર્તિ દાસી બને છે, સંપત્તિ ઉત્કંઠિત થાય છે, બુદ્ધિ સ્નેહાળ થાય છે, સ્વર્ગીય લક્ષ્મી હસ્તગત થાય છે અને મુક્તિરૂપ સંપત્તિ પણ અભિલાષવાળી થાય છે.**

## તપ પ્રકરણ

यत्पूर्वार्जितकर्मशैलकुलिशं यत्कामदावानल-
ज्वालाजालजलं यदुग्रकरणग्रामाहिमन्त्राक्षरम् ।
यत्प्रत्यूहतमः समूहदिवसं यल्लब्धिलक्ष्मीलता-
मूलं तद्विविधं यथाविधि तपः कुर्वीत वीतस्पृहः ॥૮૧॥

**પૂર્વોપાર્જિત કર્મરૂપ પર્વતને વજ્રસમાન, કામરૂપ જ્વાલાના સમૂહને શાંત કરવાને પાણીરૂપ ઈન્દ્રિયસમૂહરૂપ સર્પને મંત્રાક્ષરરૂપ, વિઘ્નરૂપ અંધકારને દિવસરૂપ, લબ્ધિ અને લક્ષ્મીરૂપ લતાનું મૂળ એવું વિવિધ પ્રકારનું તપ કંઈપણ સ્પૃહા વગર મનુષ્યે કરવું જોઈએ.**

यस्माद्विघ्नपरम्परा विघटते दास्यं सुराः कुर्वते
कामः शाम्यति दाम्यतीन्द्रियगणः कल्याणमुत्सर्पति ।
उन्मीलन्ति महर्द्धयः कलयति ध्वंसं च यः कर्मणां
स्वाधीनं त्रिदिवं शिवं च भवति श्लाध्यं तपस्तन्न किम् ।८२।

**જેથી વિઘ્ન પરંપરા ઘટતી જાય છે, દેવતાઓ દાસ બને છે, કામ શાંતિ આપે છે, ઇન્દ્રિયસમૂહનું દમન થાય છે, કલ્યાણ પ્રસરે છે, મોટી સંપત્તિઓ વિકાસ પામે છે, કર્મનો નાશ થાય છે, સ્વર્ગ મળે છે, અને મોક્ષ સ્વાધીન થાય છે એવું તપ વખાણવા યોગ્ય નથી શું ? અવશ્ય છે.**

कान्तारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना
दावाग्निं न यथापरः शमयितुं शक्तो विनाम्भोधरम् ।
निष्णातः पवनं विना निरसितुं नान्यो यथाम्भोधरं
कर्मौघं तपसा विना किमपरो हन्तुं समर्थस्तथा ।।८३।।

**જેમ જંગલને બાળવાને દાવાનળ વગર બીજો કોઈ પદાર્થ યોગ્ય નથી, દાવાનળને શાંત કરવાને મેઘ વગર બીજો કોઈ પદાર્થ યોગ્ય નથી, મેઘને વિખેરવા પવન વિના બીજો કોઈ પદાર્થ યોગ્ય નથી તેમ, કર્મસમૂહને હણવા તપ સિવાય બીજો કયો પદાર્થ યોગ્ય હોઈ શકે ? કોઈ નહિ.**

## (स्त्रग्धरावृत्त)

सन्तोषः स्थूलमूलः प्रशमपरिकरस्कन्धबन्धप्रपञ्चः
पञ्चाक्षीरोधशाखः स्फुरदभयदलः शीलसंपत्प्रवालः ।
श्रद्धाम्भः पूरसेकाद्विपुलकुलबलैश्वर्यसौन्दर्यभोग-
स्वर्गादिप्राप्तिपुष्पः शिवपदफलदः स्यात्तपः कल्पवृक्षः ।८४।

**જે તપરૂપ કલ્પવૃક્ષનું સંતોષરૂપ જાડું મૂળ છે, શાંતિરૂપ વિસ્તારવાળી ઘટા છે, પાંચ ઇન્દ્રિયના સંઘરૂપ શાખા છે, સુશોભિત અભયદાનરૂપ પાંદડાં છે, શીલસંપત્તિરૂપ નવા પલ્લવો છે, શ્રદ્ધારૂપ પાણી છાંટવાથી વિસ્તીર્ણ કુળ, બળ, ઐશ્વર્યને સૌંદર્યના ભોગવાળા સ્વર્ગાદિ પ્રાપ્તિરૂપ ફુલો છે એવું તપરૂપ કલ્પવૃક્ષ શિવસુખ ફળ દેનાર છે.**

## ભાવના પ્રકરણ

नीरागे तरुणीकटाक्षितमिव त्यागव्यपेतप्रभोः
सेवाकष्टमिवोपरोपणमिवाम्भोजन्मनामश्मनि ।
विष्वग्वर्षमिवोषरक्षितितले दानार्ह दर्चातपः-
स्वाध्यायध्ययनादिनिष्फलमनुष्ठानंविना भावनाम् ॥८५।

**જેમ રાગરહિત પુરૂષ પર યુવતિએ કરેલા કટાક્ષ, કદરરહિત સ્વામી માટે ઉઠાવવામાં આવેલું સેવાનું કષ્ટ, પત્થર પર રોપવામાં આવેલ કમળ અને ખારી જમીન પર ચોમેર થયેલ વૃષ્ટિ નિષ્ફળ થાય છે, તેમ જિનપૂજા, તપ, સ્વાધ્યાય અને અભ્યાસ એ સર્વ ક્રિયાઓ ભાવના વગર નિષ્ફળ થાય છે**

सर्व ज्ञीप्सति पुण्यमिप्सति दयां धित्सत्यधं भित्सति
क्रोधं दित्सति दानशीलतपसां साफल्यमादित्सति ।
कल्याणोपचयं चिकीर्षति भवाम्भोधेस्तटं लिप्सति
मुक्तिस्त्रीपरिरिप्सते यदि जनस्तद् भावयेद् भावनाम् ।८६।

**જે મનુષ્ય બધું જાણવા ઈચ્છતો હોય, પુણ્ય ઈચ્છતો હોય, દયા ધારણ કરવા ઇચ્છતો હોય, પાપને માપવા અટકાવવા ઇચ્છતો હોય, ક્રોધનું ખંડન કરવા ઇચ્છતો હોય, દાન, શીલ અને તપની સફળતા ઇચ્છતો હોય, કલ્યાણનો વધારો ઇચ્છતો હોય, સંસારરૂપ સાગરને પાર પામવા ઇચ્છતો હોય અને મુક્તિરૂપ સ્ત્રીનું આલિંગન ઈચ્છતો હોય તેણે ભાવના ભાવવી જોઈએ.**

(पृथ्वीवृत्त)

विवेकवनसारिणीं प्रशमशर्मसंजीवनीं
भवार्णवमहातरीं मदनदावमेघावलीम् ।
चलाक्षमृगवागुरां गुरुकषायशैलाशनिं
विमुक्तिपथवेसरी भजत भावनां किं परैः ॥८७॥

**હે મનુષ્ય, વિવેક-વનને કદી સરખી, શાંતિનું સુખ ઉપજાવનારી, સંસાર-સમુદ્રમાં મોટાં વહાણરૂપ મદનરૂપ**

દાવાનળને મેઘપંક્તિરૂપ, મોટા પર્વતરૂપ કષાયને વજ્રસમાન અને મુક્તિમાર્ગે લઈ જનારી ઘોડી સરખી ભાવના જ કર, બીજું શા માટે કરવું જોઈએ ?

(शिखरिणीवृत्त)

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं
क्रियाकाण्डं चण्डं रचितमवनौ सुप्तमसकृत् ।
तपस्तीव्रं तप्तं चरणमपि जीर्णं चिरतरं
न चेच्चित्ते भावस्तुषवपनत्सर्वमफलम् ॥८८॥

હે મનુષ્ય ! કદાચ તે ઘણું ધન (દાન) દીધું, સમગ્ર જિનાગમ ભણ્યો, પ્રચંડ ક્રિયાકાંડ કર્યા, વારંવાર પૃથ્વી ઉપર શયન કર્યું, તીવ્ર તપ તપ્યો, ચારિત્ર ઘણો વખત પાળ્યું, છતાં મનમાં ભાવના થઈ નહિ તો, તે સર્વ અનુષ્ઠાનો ફોતરાં વાવવારૂપ નિષ્ફળ જાણ.

## વૈરાગ્ય પ્રકરણ

यदशुभरजःपाथो दृप्तेन्द्रियद्विरदाङ्कुशं
कुशलकुसुमोद्यानं माद्यन्मनः करिश्रृङ्खला ।
विरतिरमणीलीलावेश्म स्मरज्वरभेषजं
शिवपथरथस्तत् वैराग्यं विमृश्य भवाभयः ॥८९॥

હે મનુષ્ય, અશુભ રજને ધોઈ નાંખવા જળરૂપ, મદોન્મત્ત ઈન્દ્રિય રૂપ હાથીને અંકુશરૂપ, કલ્યાણરૂપ પુષ્પોના બગીચા સરખા, ઉન્મત્ત મનરૂપ હાથીને સાંકળરૂપ, વિરતિ સ્ત્રીને ક્રીડા કરવાનાં ઘરરૂપ, કામરૂપ જ્વરનાં ઔષધરૂપ અને મોક્ષમાર્ગ પ્રતિ પ્રયાણ કરવાને રથ સમાન વૈરાગ્યને વિચારી નિર્ભય બન.

(वसन्ततिलकावृत्त)

चण्डानिलं स्फुरितमब्दचयं दवार्चि-
र्वृक्षव्रजं तिमिरमण्डलमर्कबिम्बम् ।
वज्रं महीध्रनिवहं नयते यथान्तं
वैराग्यमेकमपि कर्म तथा समग्रम् ॥९०॥

જેમ પ્રચંડવાયુ મેઘઘટાને વીખેરી નાંખે છે, જેમ દાવાનળ વૃક્ષોનો નાશ કરે છે, જેમ સૂર્યનું બિંબ અંધકારના સમૂહને દૂર કરે છે તેમ એક વૈરાગ્ય બધાં કર્મનો નાશ કરે છે.

शिखरिणीवृत्त

नमस्या देवानां चरणवरिवस्या शुभगुरो-
स्तपस्या निःसीमक्लमपदमुपास्या गुणवताम् ।
निषद्यारण्ये स्यात्करणदमविद्या च शिवदा
विरागः क्रूरागः क्षपणनिपुणोन्तः स्फुरति चेत् ॥९१॥

જો ક્રૂર અપરાધ ટાળનાર એક વૈરાગ્ય જ હૃદયમાં સ્ફુરતો હોય તો, દેવોને કરેલો નમસ્કાર, સદ્ગુરૂની ચરણસેવા, અત્યંત શ્રમનાં સ્થાનરૂપ તપ, ગુણિજનનો સમાગમ, અરણ્યવાસ અને ઇંદ્રિયદમનની વિદ્યા મોક્ષ આપનાર થઈ શકે છે.

भोगान् कृष्णभुजङ्गभोगविषमान् राज्यं रजः सन्निभं
बन्धून् बन्धनिबन्धनानि विषयग्रामं विषान्नोपमम् ।
भूतिं भूतिसहोदरां तृणतुलं स्त्रैणं विदित्वा त्यजं-
तेष्वासक्तिमनाविलो विलभते मुक्तिं विरक्तः पुमान् ।९२।

ભોગોને કૃષ્ણ સર્પ જેવા, રાજ્યને ધૂળ જેવું, કુટુંબને બંધનરૂપ, વિષયોને ઝેરમિશ્રિત અન્ન જેવા, વૈભવને રાખસદૃશ અને સ્ત્રીસમૂહને તૃણ તુલ્ય માનીને તેમના પર આસક્તિ વગરનો આકુળ-વ્યાકુળ ચિત્તરહિત પુરૂષ મુક્તિ મેળવે છે.

## મનુષ્યજન્મરૂપ વૃક્ષનાં ફળો

जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य नृजन्मवृक्षस्य फलान्यमूनि ।९३।

જિનેંદ્રની પૂજા, ગુરૂની ઉપાસના, પ્રાણિમાત્ર પર દયાભાવ, શુભપાત્રમાં દાન, ગુણિજનપર પ્રીતિ, આગમનું શ્રવણ, આ સર્વ મનુષ્યજન્મરૂપ વૃક્ષનાં ફળો છે.

## સામાન્ય ઉપદેશ

(शिखरिणीवृत्त)

त्रिसन्ध्यं देवार्चां विरचय चयं प्रापययशः
श्रियः पात्रे जनय नयमार्गं नय मनः ।
स्मरक्रोधारीन् दलय कलय प्राणिषु दयां
जिनोक्तं सिद्धान्तं श्रुणु वृणु जवान्मुक्तिकमलाम् ।।९४।।

હે મનુષ્ય, તું સવાર, બપોર અને સાંજ-ત્રણે કાળ દેવપૂજા કર, યશમાં વધારો કર, લક્ષ્મીને સુપાત્રમાં વાપર, ન્યાયમાર્ગમાં મન આણ, કામ, ક્રોધ, માન વિગેરે શત્રુઓને દળી નાખ, પ્રાણીઓ ઉપરદયા કર, જિનસિદ્ધાંતને સાંભળ અને મુક્તિલક્ષ્મીને વેગથી વર.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं
हित्वा सङ्गधर्मकर्मठधिया पात्रेषु दत्त्वा धनम् ।
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वान्तरारिव्रजं
स्मृत्वा पञ्चमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टं सुखं ।।९५।।

હે મનુષ્ય, વીતરાગ પ્રભુનું પૂજન કરીને, સાધુજનને નમસ્કાર કરીને, અધર્મીજનોનો સંગ ત્યજીને, સુપાત્રમાં ધન વાપરીને, ઉત્તમમાર્ગે ચાલનારાઓનાં પગલે ચાલીને, અંતરંગ શત્રુઓને જીતીને અને નમસ્કારમંત્રનું સ્મરણ કરીને હથેળીમાં રહેલું ઈષ્ટ સુખ મેળવ.

(हरिणीवृत्त)

प्रसरति यथा कीर्तिर्दिक्षु क्षपाकरसोदरा-
ऽभ्युदयजननी याति स्फीतिं यथा गुणशन्ततिः ।
कलयति यथा वृद्धिं धर्मः कुकर्महतिक्षमः
सुलभकुशले न्याय्ये कार्यं तथा पथि वर्तनम् ॥९६॥

ચતુર પુરૂષોએ સુલભ એવા ન્યાયમાર્ગ પર એવી રીતે ચાલવું જોઈએ કે, જેથી ચંદ્રના કિરણ જેવી ઉજળી કીર્તિ પ્રસરે, ઉદય કરનારી ગુણશ્રેણિ પ્રકટે અને પાપનો નાશ કરનારી ધર્મવૃત્તિ જાગૃત થાય.

## મહાપુરૂષોના આભૂષણો

(शिखरिणीवृत्त) (९७-९८)

करे श्लाघ्यस्त्यागः शिरसि गुरुपादप्रणमनं
मुखे सत्या वाणी श्रुतमधिगतं च श्रवणयोः ।
हृदि स्वोच्छावृत्तिर्विजयि भुजयोः पौरुषमहो
विनाप्यैश्वर्येण प्रकृतिमहत्तां मण्डनमिदम् ॥९७॥

આશ્ચર્યની વાત છે કે, કોઈપણ પ્રકારનાં ઐશ્વર્ય-બાહ્યાડંબર વિના સ્વાભાવિક રીતે જ મહાપુરૂષોનાં આ આભૂષણો ગણાય છે. જેમકે- હાથે કરીને ઉત્તમદાન, મસ્તકવડે ગુરૂનું પાદપ્રણમન, મુખમાં સત્યવચન, કાનમાં ભણેલું ગણેલું શ્રુતજ્ઞાન, હૃદયમાં નિર્મલવૃત્તિ અને બાહુમાં પુરૂષાર્થ.

## સામાન્ય ઉપદેશ

भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्तिनगरीं-
तदानीं माकार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।
यतश्छायाप्येषा प्रथयति महामोहमचिरा-
दयं जन्तुर्यस्मात्पदमपि न गन्तुं प्रभवति ॥९८॥

હે મનુષ્ય, જો તું સંસારરૂપ અટવી મૂકીને મુક્તિ નગર તરફ જવા ઇચ્છતો હો તો વિષયરૂપ ઝેરી વૃક્ષ તળે નિવાસ ન કર, કારણ કે તેની છાયા પણ મહા અજ્ઞાન ફેલાવનારી છે. અરે, તેને લીધે તો આ પ્રાણી એક પગલું પણ આગળ વધવા સમર્થ થતો નથી.

## ગ્રંથકર્તાનું નામ અને ઉપદેશનું ફળ

सोमप्रभाचार्यमभा च यन्न,
पुंसां तमः पंकमपाकरोति
तदप्यमुष्मिन्नुपदेशलेशे,
निशम्य माने ऽनिशमेतिनाशम् ॥९९॥

ચંદ્રની કીર્તિ અને સૂર્યના પ્રકાશ પણ જે (માનસિક) અંધકારરૂપ કચરાને દૂર કરતાં નથી તે આ ઉંચા પ્રકારનો થોડો પણ ઉપદેશ સાંભળવામાં આવતાં નાશી જાય છે.

## પ્રશસ્તિ

(मालिनीवृत्त)

अभजदजितदेवाचार्यपट्टोदयाद्रि-
द्युमणिविजयसिंहाचार्यपादारविन्दे
मधुकरसमतां यस्तेन सोमप्रभेण
व्यरचि मुनिपराज्ञा सूक्तमुक्तावलीयम् ॥१००॥

મુનિઓના નેતા એવા તે સોમપ્રભસૂરિએ આ સુક્તિ મુક્તાવલી રચી છે કે, જે અજિતદેવસૂરિના પાટરૂપ ઉદયાચલપર સૂર્યરૂપ વિજયસિંહસૂરીના ચરણકમળમાં ભ્રમરપણાને ભજતા હતા.

# નવકાર

## મહામંત્રનું પ્રગટ પ્રભાવી ફળ

શ્રી નવકાર મંત્રનો એક અક્ષર સાત
સાગરોપમના પાપનો નાશ કરે છે.
શ્રી નવકાર મંત્રના પદથી પચ્ચાસ
સાગરોપમના પાપનો નાશ થાય છે
અને આખા નવકાર મંત્રથી પાંચસો
સાગરોપમના પાપનો નાશ થાય છે.
જે નવકારને વિધિપૂર્વક એક લાખ વાર
ગણે છે તે જરૂરા જરૂર તીર્થંકર નામ
કર્મની પ્રાપ્તિ કરે છે.

'નમસ્કાર ચિન્તામણી'થી સાભાર

॥ શ્રી ગૌતમ સ્વામીને નમઃ ॥

॥ શ્રી સરસ્વત્યૈ નમઃ ॥

# મંત્ર : ૐ હ્રીં નમો નાણસ્સ

## (દરરોજ દુહા બોલીને જ્ઞાનના પાંચ ખમાસમણા દેવા)

| શ્રી મતિજ્ઞાન |
| --- |
| ૧ |

સમકિત-શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન-પ્રકાશ;
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ

| શ્રી શ્રુતજ્ઞાન |
| --- |
| ૨ |

પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ;
પૂજો બહુવિધ રાગથી, ચરણ-કમલ ચિત્ત આણ.

| શ્રી અવધિજ્ઞાન |
| --- |
| ૩ |

ઉપન્યો અવધિ-જ્ઞાનનો, ગુણ જેહને આવિકાર;
વંદના તેહને માહરી, શ્વાસમાંહે સો વાર.

| શ્રી મનઃપર્યવ |
| --- |
| ૪ |

એ ગુણ જેહને ઉપન્યો, સર્વ-વિરતિ ગુણઠાણ;
પ્રણમું હિતથી તેહના, ચરણ-કમલ ચિત્ત આણ.

| શ્રી કેવલજ્ઞાન |
| --- |
| ૫ |

કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ;
જ્ઞાન-પંચમી દિન પૂજીએ, વિજય-લક્ષ્મી શુભહેજ.

# નમો જિણાણં જિઅભયાણં

આદિનાથ દાદા... નમો જિણાણં...

શાંતિનાથ દાદા... નમો જિણાણં...

નેમિનાથ દાદા... નમો જિણાણં...

પાર્શ્વનાથ દાદા... નમો જિણાણં...

મહાવીરસ્વામિ દાદા... નમો જિણાણં...

મારા પ્યારા... નમો જિણાણં...

સહુના પ્યારા... નમો જિણાણં...

ભવોભવ મળજો... નમો જિણાણં...

નમો જિણાણં... નમો જિણાણં...

નમો જિણાણં... જિઅ ભયાણં...

અણુ પરમાણુ શિવ બની જાઓ.

આખા વિશ્વનું મંગલ થાઓ.

સર્વે જીઓ મોક્ષે જાઓ.

અર્હમ્ મૈયા અમર તપો

જગતના સર્વે જીવોનું કલ્યાણ થાઓ.

એવી ભાવનાપૂર્વક બાર નવકાર ગણવા.

- પુસ્તકને પગ લગાડાય નહિ, તેને નીચે મૂકાય નહિ.
- પુસ્તકને થૂંક લગાડાય નહિ, તેને પછાડાય નહિ.
- પુસ્તક પાસે રાખી ઝાડો કે પેશાબ થાય નહિ.
- પુસ્તક પાસે રાખી ભોજન - નાસ્તો વિગેરે થાય નહિ.
- પુસ્તકને અશુદ્ધ કપડે કે એંઠા મોઢે વંચાય નહિ.
- પુસ્તકને પૂંઠા ચડાવીને વપરાય, પુસ્તકને ફડાય નહિ.
- પુસ્તક કે કાગળ પર બેસાય નહિ, ઓશીકે રખાય નહિ.
- પુસ્તક કે કાગળ બળાય નહિ, ગટરમાં ફેંકાય નહિ.

## જ્ઞાનની આશાતના કરવાથી શું થાય ?

આંધળા, બહેરાં, બોબડા, મૂંગા, લૂલા, લંગડા, પાંગળા, રોગી, દીન, દરિદ્ર, ભિખારી થાય તેમજ માતા - પિતાનો વિયોગ થાય

માટે.....

જ્ઞાન અને જ્ઞાનીનો હંમેશા વિનય બહુમાન કરવા પગે લાગવું. જ્ઞાનના કોઈપણ સાધનની અને જ્ઞાનની આશાતના કરવી નહી. પુસ્તક, કાગળ, પેન્સિલ, પાટી, પેન, સાપડા, શાહી, કલમ વગેરે બધું જ જ્ઞાન કહેવાય.